SINCE 1972
50 years
to be continued

Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.14 - Issue 2
February 2021
Price 12/-



જાત સાથે વાત....

અરે ઓ મનવા,
કદીક તો તું કરી લે જાત સાથે વાત,
સાંભળી લે ને,
ઘડીક તો ધ્યાન દઈને અંતરમનની વાત....

વ્યર્થ વિચારો વધારે જીવનમાં વિઘ્નોની આયાત,
માનવમનમાં વિકારો મચાવે અતિ ઉલ્કાપાત,
હું કોણ, ક્યાંનો રહેવાસી જાણી લે અદ્ભુત વાત,
આત્મા હું પ્રભુ બાળ સમજી લેને આવડીક વાત....
અરે ઓ મનવા...

ચાર દિવસની ચાંદની સમ જીવન અંતે તો અંધારી વાત,
અંતઃકરણથી વિકર્મોનો કરી લે ને પ્રશ્ચાતાપ,
અજ્ઞાતમનમાં આવે જાગૃતિ, કરી લે સાધના આત્મસાત્,
સ્વયં અને પ્રભુની ઓળખથી સફળ જીવન પ્રભુ સૌગાત....
અરે ઓ મનવા....

કર્મભોગના કષ્ટોની પૂરી થઈને કલિયુગની રાત,
સદૈવ સુખના સૂરજનું આવી રહ્યું સ્વર્ણિમ પ્રભાત,
તોડી મનની ભ્રાંતિ, ભૂલાવી દે સઘળી જાત-પાત,
મનના એકતારામાં લગાવ નિશ-દિન એક પ્રભુની તાત....
અરે ઓ મનવા....

મધદરિયે ડૂબાડી રહ્યા દુઃખ-અશાંતિના ઝંઝાવાત,
જીવનનૈયા ઉગારવાને આવી ચૂક્યા શિવ સાક્ષાત્,
બ્રહ્મા તન આધાર લઈ કરી રહ્યાં શિવ મધુર મુલાકાત,
જાગ ને માનવ રખે ન ચૂકતો ક્યાંક માયા ન કરી દે મ્હાત....
અરે ઓ મનવા....

– બ્ર.કુ. ગીતાબેન ગજ્જર (ઉપલેટા)

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૪ ફેબ્રુઆરી-૨૦૨૧ અંક : ૦૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- ભીષ્મ પ્રતિજ્ઞા ....તંત્રી સ્થાનેથી ..04
- અમૃતધારા ....દાદી જાનકીજી ..06
- સર્વ સમસ્યાઓનો હલ એક ચૂપ ....બ્ર.કુ. જગદીશચંદ્ર ..07
- પ્રસન્નતાના પથ પર ....બ્ર.કુ. શિવાનીબેન ..08
- પરમાત્માને ખુદા દોસ્ત બનાવી લો ....બ્ર.કુ. ઉષાબેન ..10
- સુરક્ષિત જીવન સફર માટે કેટલાક નિયમ .....બ્ર.કુ. ચંદ્રિકા ..11
- ધૈર્ય-વિવેકથી ક્રોધને જીતી શકાય 11
- પ્રકૃતિના પ્રકોપ, પાપ અને શ્રાપથી મુક્ત .....બ્ર.કુ. મૃત્યુંજય ..12
- વિચારવાની કળા ....બ્ર.કુ. પૂજા ..15
- અમૃતવેળા ....બ્ર.કુ. ચંદ્રિકાબેન ..16
- અતીતમાં જીવવાનું છોડો ....બ્ર.કુ. ડો. તૃપ્તિ ..20
- દિવ્યદર્શન ....બ્ર.કુ. નંદિનીબેન ..22
- ઈન્દ્રજાળ અને માયાજાળ ....બ્ર.કુ. અનિલ ..21
- પરમાત્મ પ્રાપ્તિની અનુભૂતિ ....બ્ર.કુ. જયુભાઈ ..24
- પ્રસંગ પરિમલ.. ..26
- ગોડલીવુડ સ્ટુડીયો દ્વારા નવો ઉપહાર.......બ્ર.કુ. હરિલાલ ..28
- જ્ઞાનામૃતની વિકાસયાત્રા ....તંત્રી બ્ર.કુ. ડો. કાલિદાસ ..30
- સુવર્ણજયંતી વર્ષ ....બ્ર.કુ. ભારતીદીદી ..33

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૧૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૨.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 2762 0866

મુદ્રક અને પ્રકાશક
રાજયોગિની ભારતીદીદી

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ચેક / ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

Account No. : **71120100007677**

Bank Name : **BANK OF BARODA, Pushpkunj Branch** IFSC Code : **BARB0DBPUSH**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

ભીષ્મ પ્રતિજ્ઞા

ભારતભૂમિ બહુરત્ના વસુંધરા છે. તેમાં જન્મેલાં ઉલ્લેખનીય માનવરત્નોના યશોગાન આજેય ગવાઈ રહ્યાં છે. તેમાંના એક મહારથી છે ભીષ્મ. પોતાના પિતાના દૈહિક સુખને કાજે આજીવન બ્રહ્મચર્ય ધારણ કરવાની તેમની પ્રતિજ્ઞા આજેય લોકહૃદયમાં આદરની સાથે વણાઈ ગઈ છે. પ્રતિજ્ઞામાં એટલું જોમ હતું કે પ્રતિજ્ઞાને ભીષ્મ સાથે જોડી દેવામાં આવી. પ્રતિજ્ઞાએ પણ ભીષ્મનું વિશેષણ ધારણ કર્યું.

પ્રતિજ્ઞા એ કર્તવ્યપાલન માટે કરવામાં આવતો મક્કમ નિર્ધાર છે. તેમાં વચનપાલન, ફરજપાલન, ટેક શપથ, સોગંદ આવી શકે. માનવજીવનમાં ક્યારેક એવી પળો આવે છે કે પ્રતિજ્ઞા લેવાય જાય છે. તેમાં વાતાવરણ, સંજોગો, પરિસ્થિતિ મહત્ત્વનો ભાગ ભજવે છે, હૃદયમાં ભાવનાની ભરતી આવે છે. આવેશ પ્રગટે છે. સમર્પણની સરવાણી વહે છે. માનવ તેના જુસ્સાને, મનોભાવોને, પ્રતિજ્ઞા સ્વરૂપે અભિવ્યક્ત કરે છે પણ પ્રતિજ્ઞા કરવી જેટલી સહેલી છે. તેટલી પાળવી અઘરી છે તે માટે જાગૃતિ જોઈએ પ્રતિજ્ઞા કર્યા પછી મનમાં એક જ ધૂન હોવી જોઈએ, પ્રતિજ્ઞાને સાકાર સ્વરૂપ આપવાનો નિરંતર, અવિરત પુરુષાર્થ જોઈએ. ફના થવા માટેની, સ્વાર્પણની તૈયારી હોવી જોઈએ. પ્રતિજ્ઞા લીધા પછી તેનો નશો ઉતરી જાય, જોશ ઘટી જાય કે નાસીપાસ થવાય તો પ્રતિજ્ઞાનો આત્મા હણાય જાય છે. પોતાની શક્તિઓ, યોગ્યતાઓ અને પોતાની તે માટેની તૈયારીનો અંદાજ કાઢીને પ્રતિજ્ઞા કરવામાં આવે, તો તે પૂર્ણ કરી શકાય છે.

પ્રતિજ્ઞા પળે પળે ના હોય, તે ક્યારેક જ હોય. જ્યારે પ્રતિજ્ઞા લેવાય ત્યારે તેને પાર પાડીને જ જંપવું જોઈએ. રઘુકુળની ટેક કે પ્રતિજ્ઞાનું ગાયન છે.

रघुकुल की रीत सदा चली आई,
प्राण जाय अरु वचन न जाई.

મેવાડની આઝાદી માટે રાણા પ્રતાપની પ્રતિજ્ઞા જાણીતી છે. દેશને આઝાદી અપાવવા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ, જવાહરલાલ નહેરુ લોકમાન્ય ટિળક વગેરે દેશનેતાઓએ આપેલા કાર્યક્રમો દ્વારા દેશને આઝાદી મળી. જીવનમાં ભક્તિભાવના કે ધર્માચરણ માટે, નીતિ કે ચારિત્ર્યની રક્ષા કાજે, રાષ્ટ્રની સલામતી કાજે નારી - અસહાયોની સુરક્ષા કાજે પ્રતિજ્ઞાઓ લેવાય છે. આ દેશના સંતો, સેવકો, ઋષિઓએ અને રાજાઓએ એવી પ્રતિજ્ઞાઓ લીધેલી અને પાળેલી. દા.ત. સત્યવાદી હરિશ્ચંદ્ર વગેરેની પ્રતિજ્ઞાઓ પથ્થર ઉપર લખેલા લેખ સમાન છે.

સમય બદલાયો તેમ પ્રતિજ્ઞાનું સ્વરૂપ બદલાયું છે. તેનું મૂલ્ય ઓસરવા લાગ્યું છે. માનવનું ચારિત્રિક નૈતિકબળ ઘટ્યું, તેટલું પ્રતિજ્ઞાનું મૂલ્ય ઘટ્યું. આજે પ્રસંગોપાત પ્રતિજ્ઞા વાચન થાય છે. રાષ્ટ્રીય કાર્યક્રમોમાં, ધાર્મિક - આધ્યાત્મિક કાર્યક્રમોમાં પ્રતિજ્ઞાઓ લેવાય છે.

ચૂંટણીમાં વિજય પછી ધારાસભ્યો, સંસદસભ્યો, પ્રધાનો, ઉચ્ચ હોદ્દાઓ ઉપરની વ્યક્તિઓ પણ પ્રતિજ્ઞા, શપથ લે છે. પણ એમ લાગે છે કે આ બધું પરંપરાગત છે. આજે તેની ગંભીરતા, મહાનતા ક્યાં છે? તે માટેની પળેપળની

જાગૃતિ ક્યાં છે? જેમ આજકાલ કાયદામાંથી છટકબારી શોધી શકાય છે. તે રીતે પ્રતિજ્ઞા, વચનો આદિમાંથી છટકવાની પેરવીઓ થાય છે. તેનાં મનભાવન અર્થઘટનો થાય છે. પ્રતિજ્ઞા કરનારે સહન કરવાની પ્રતિજ્ઞાની ભાવનાને જાળવી રાખવાની તકેદારી રાખવી જોઈએ. સમર્થ પ્રતિજ્ઞા માનવને પુરુષાર્થ કરાવે છે. કર્તવ્યપાલન, ફરજપાલનની ગુહ્યતા સમજાવે છે. તેનામાં આંતરિક બળ પ્રગટે છે. પ્રતિજ્ઞા પુરુષાર્થને ઓપ આપે છે. તે માટે સર્વનો સહયોગ લેવાની ભાવના જન્મે છે. પ્રતિજ્ઞા પ્રાણવાન બનાવે છે. ગાયન અને પૂજન યોગ્ય બનાવે છે.

આજે માનવ અનેક સમસ્યાઓ વચ્ચે ઘેરાઈ ગયો છે. કોરોના મહામારીએ તો સમગ્ર વિશ્વને ભરડામાં લીધું છે. મોટી સંખ્યામાં દેશ વિદેશોમાં મૃત્યુ થાય છે. ભ્રષ્ટાચારની બદી વ્યાપક બની છે. ત્યારે દેશનું યુવાનધન પ્રતિજ્ઞાબદ્ધ બને, તો ભ્રષ્ટાચારને નાબૂદ મહત્ત્વનું પ્રદાન આપી શકે તે માટે લાલચ, પ્રલોભનોથી દૂર રહેવાની તૈયારી હોવી જોઈએ. કંઈક વિશિષ્ટ પ્રાપ્તિ વિશિષ્ટ ત્યાગ માગે છે. ત્યાગ વિના ભાગ્ય મળતું નથી. ભીષ્મને પણ ચલિત કરી તેવી પરિસ્થિતિઓ આવી. પણ તેમણે સર્વ પ્રલોભનોને લાત મારી. પ્રતિજ્ઞા અંગે પોતાની મક્કમતા બતાવી. તેમ સમાજના નવનિર્માણ માટે વિવેકાનંદ જેવા પ્રતિજ્ઞાબદ્ધ યુવાનો, યુવતીઓ નાગરિકો જોઈએ. જેઓ સર્વ આકર્ષણો, પ્રલોભનોથી મુક્ત રહીને પોતાના ધ્યેયને પ્રતિજ્ઞાને વળગી રહે.

માનવ બાહ્ય રીતે જેટલો સમૃધ્ધ દેખાય છે તેટલો આંતરિક રીતે ખાલી છે. આજે દંભ, બાહ્યાચાર અને આડંબરનું પ્રમાણ વધ્યું છે. સાચી માનવતા લુપ્ત થઈ ગઈ છે. સમાજના વિવિધ વર્ગોમાં વિષમતા પ્રવર્તે છે. પ્રેમ, સંવાદિતા, એકતા અને વસુધૈવ કુટુંબકમની ભાવનાનો લોપ થયો છે. માનવને સતધર્મના બંધનથી, નીતિના બંધનથી બાંધી શકાય. પણ ધર્મ ઝનૂનતા, કોમવાદની અંધભાવના વિનાશ સર્જે છે. આવા પ્રસંગોએ પ્રભાવશાળી નેતાઓએ આવા વર્ગોના સમર્થ પ્રતિનિધિઓને બંધનમાં બાંધવા જોઈએ. ધર્મ કે કોમને રાજકારણની ગંદી રમતોનો ભોગ ના બનાવાય તો કોમી એકતા માટે લેવડાવવામાં આવતી પ્રતિજ્ઞાઓ ફળદાયી બને. અને તેનાં મીઠાં, મધુરાં ફળોનો આસ્વાદ માણી શકાય.

પ્રતિજ્ઞા એ વ્યક્તિના વિકાસનો સમયબધ્ધ કાર્યક્રમ છે. તેમાંથી કંઈક નક્કર, યથાર્થ, શ્રેષ્ઠ ભાવના જન્મવી જોઈએ. હિંસા, આતંકવાદ માટે લેવામાં આવતી પ્રતિજ્ઞાઓ નિંદ્ય છે. તેની કલંક કથાઓ આજેય ઈતિહાસનાં પાનાં ઉપર લખાયેલી છે. રાજાઓ એકબીજાનું વેર વાળવા પ્રતિજ્ઞાઓ કરતા. તે પૂરી ન થાય તો પોતાના વારસોને હવાલો આપતા. એથી તો ભારતને લાંબા સમય સુધી ગુલામીની બેડીઓમાં બંધાઈ રહેવું પડ્યું. ટૂંકી, સંકુચિત, સ્વાર્થ ભાવનાઓ માટે પ્રતિજ્ઞા ના હોય. પ્રતિજ્ઞામાંથી પરિમલ પ્રગટે. સદાચારની સૌરભ પ્રગટે, વીરત્વની યશગાથા સર્જાય, તો જ તેનું મૂલ્ય છે. દેશને વિકારો વ્યસનોની ગુલામીમાંથી મુક્ત કરાવવા ત્યાગ, તપસ્યા, સેવા અને પવિત્રતાના બંધનથી બંધાયેલા પ્રતિજ્ઞાબદ્ધ આત્માઓની જરૂર છે.

આ કામ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય કરી રહ્યું છે. તેના નિમિત્ત સ્થાપક દાદા લેખરાજને (મરજીવા જન્મનું નામ પ્રજાપિતા બ્રહ્મા) દિવ્ય સાક્ષાત્કારો થયા. પરમપિતા શિવ પરમાત્માએ એમને સતયુગ બનાવવાનું કાર્ય સોપ્યું. જે જીવનભર એમણે નિભાવ્યું. તે માટે

(અનુસંધાન પેજ નં. 14 પર)

અમૃતધારા

શ્રીમત પર ચાલીને પરમતને આધીન નહીં તેજ સદા સુખી

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



ડ્રામા અનુસાર દરેકનો પાર્ટ પોતપોતાનો છે. પરંતુ આ ન્યારો અને પ્યારો અનુભવ સર્વ એ કર્યો હશે. મારા ખ્યાલમાં આપણા સર્વની વીકનેસ ચાલી ગઇ હશે. કોઇને પોતાના થોડો સ્વભાવ સંતુષ્ટ રહેવા દેતો નથી. યા મારા સંગમાં સર્વ સંતુષ્ટ રહે આ વીકનેસ કોઈકોઈ આત્માઓમાં હશે, તે ખલાસ થઈ ગઈ હશે.

કોઈમાં કોઈ એવી વીકનેસ છે જેથી હું કહું મારામાં સહનશક્તિ ઓછી છે. હું સહન કરી શકતી નથી આવી વિકનેસ ચાલી ગઈ છેને. સાક્ષી બનીને પોતાને જુઓ. સૌ એક સમાન નથી હોઈ શકતા. એ હું જાણું છું. દરેકનો પાર્ટ પોતાનો છે. પરંતુ બાબાના બનવાથી બહુ સુખ મળ્યું છે. ઘણું બધું શીખવાનું મળ્યું છે. તેનું મુખથી વર્ણન થઈ શકે તેમ નથી. પરંતુ એ જે અનુભવ છે, સેવા કરાવી રહ્યો છે. અત્યારે આપણા સૌના એક જ બાપ (પરમપિતા પરમાત્મા) છે. સમગ્ર કલ્પમાં બાપ હોય. મા પણ તેઓ જ, બાપ પણ તેઓ, ટીચર પણ એજ, સખા પણ એજ, સતગુરુ પણ તેઓ જ એટલે શ્રીમત શિર માથે પર છે. મનમત પરમતને આધીન નથી એક બાબાની શ્રીમત પર ચાલનાર કેટલા સુખી છે અને બીજાઓને સુખ આપી રહ્યા છે. એમને કદી પણ દુઃખનું નામ નિશાન નથી. દુઃખ હર્તા બની ગયા. જ્યાં સુખ છે ત્યાં શાંતિ અને પ્રેમ છે. ત્યાં સચ્ચાઇ છે. ઉપર ઉપર નહીં અંદરથી છે. જીવ ઈચ્છે છે આવું વાયબ્રેશન વાયુમંડળ બને. જ્યાં આપણે આત્મા હાજર છીએ ત્યાં બાબા મારા સાથી છે અને સાક્ષી બનીને પાર્ટ પ્લે કરવાનું વરદાન મળ્યું છે. સતયુગમાં જીવન મુક્તિ નેચરલ હશે, પણ અત્યારે મનમત પરમતથી મુક્તિ છે અને શ્રીમતથી જીવનમુક્તિ છે. આ વારસો મળ્યો છે.

આ જે સંગમયુગનો સમય છે. તેની બહુ વેલ્યુ છે. બાબા આપણી સાથે છે તો સાથનો જે સહયોગ છે તે બીજાઓને પણ મળે છે. ગાયન છે અતીન્દ્રિય સુખ પૂછવું હોય તો ગોપ-ગોપીઓને પૂછો. ગોપ-ગોપીને અતીન્દ્રિય સુખનો અનુભવ થાય છે. કારણ કે ઈન્દ્રિયોને વશ નથી આ જે કર્મેન્દ્રિયો છે. કાન, આંખ, નાક, મુખ આ કદી ઉદાસીનતાનો અનુભવ ન કરે. મને યાદ છે બાબાએ જ્યારે મુંબઈમાં સેવા કરાવી તો ત્રણ વાંદરાઓ ઉપર સારી સારી મુરલીઓ ચલાવતા હતા. અત્યારે ખરાબ વિચારો નહીં એ ચોથું હોવું જોઈએ. તો બાબાના સંગથી જુઓ, આપણું વિચારવાનું જ બદલાય ગયું. તો સાચો પુરુષાર્થ એ છે જે બોલવું ઓછું, પણ ભાવનાની એવી સેવા છે જે દરેક બાળક વન્ડર ખાય.

॥ ઓમશાંતિ ॥

- **પોતાની પ્રવૃત્તિઓ દૈવી બનાવવાની છે. કદી પણ લડવાનું, ઝઘડવાનું નથી. કડવી વાણી બોલવાની નથી, લોભ લાલચ રાખવાની નથી. કોઇને દુઃખ આપવાનું નથી. સર્વને સુખનો રસ્તો બતાવવાનો છે.**

સર્વ સમસ્યાઓનો હલ એક 'ચૂપ'

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

મને ખબર તો નથી પણ મેં સાંભળ્યું છે બાળક જન્મ લેતાં જ 'વા-વાં' કરવા લાગે છે. જો કે બોલવાનું તો આપણે જાણીએ છીએ કે બાળપણથી લઈને વ્યક્તિ કેટલું બોલે છે. જો એના બધા બોલ ટેપરેકોર્ડ કરવામાં આવે તો આખું 'ઓમશાંતિ ભવન' એક વ્યક્તિના આલાપ અને સંતાપની કેસેટ બની જાય અને કેટલાક વર્ષ પહેલાની કેસેટ જો ટેપરેકોર્ડરમાં ભરીને સંભળાવવામાં આવે તો તે વ્યક્તિ સ્વયં પણ હેરાન થઈ જશે અને બોલી ઉઠશે કે ઓહો, મેં આવું પણ કહ્યું હતું. ટેપના કોઈ હિસ્સામાં તો બિલકુલ વ્યર્થ વાતો કરતો જોવા મળે છે. અન્ય બીજા ભાગમાં ડાંટ-ડપટ કરતાં સાંભળવા મળશે. ત્રીજા કોઈ ખંડમાં લડાઈ-ઝઘડા, હસી-મજાક અને કોણ જાણે શું શું કરી રહ્યો હશે. જો સ્વયં એને કહેવામાં આવે કે તમે આ ટેપ સાંભળીને કાપકૂપ કરીને એનો એ હિસ્સો અલગ કરી દો જેમાં આપે કંઈક સારું કહ્યું હો, સમજદારીના બોલ બોલ્યા હોય, મધુર ભાષાનો ઉપયોગ કર્યો હોય, કોઈને પોતાનાં વચનોથી સુખ આપ્યું હોય, કોઈના દુ:ખ દર્દ દૂર કરવા માટે એને લાડ-પ્યાર, દુલારની કોઈ હૃદયસ્પર્શી વાત કહી હોય, મનની ગહનતામાં નિ:સ્વાર્થ પ્રેમનાં વચન કોઈના પ્રત્યે કહ્યાં હોય, ન્યાય અને સચ્ચાઈની વાત, કલ્યાણ અને કરુણાના શબ્દ યા કોઈનો ઉમંગ ઉત્સાહ વધારીને કોઈ હતાશ નિરાશ અને ઉદાસ વ્યક્તિને સાંત્વના આપી હોય, તો આવા બોલને એકઠા કરવા પર, ભાગ્યે જ એવી કેસેટ બને કે તે 'ઓમશાંતિ ભવન'ના અનુવાદ કક્ષને પણ પૂરી રીતે ભરી શકશે નહીં. તો પોતાનું પણ દિમાગ ખાલી કરીને અને સાંભળનારાઓનું પણ દિમાગ ખપાવીને બોલ્યા તો શું બોલ્યા. એટલે જ કોઈએ કહ્યું છે, 'પહેલાં તોલો પછી બોલો'

સર્વ ઝઘડા દૂર કરનાર છે આ 'ચૂપ'

સંસારના મોટા ભાગના ઝઘડા તો યુક્તિ-યુક્તના બોલવાના પરિણામે થાય છે. જો દુનિયાના બધા લોકો એક સપ્તાહ સુધી પૂરી રીતે ચૂપ રહે તો બધા લડાઈ ઝઘડા બંધ થઈ જશે. કેસ કરનારા પણ કેસ પાછા ખેંચી લેશે. પોલીસ પણ પોતાની વરદી સરકારને પાછી આપી દેશે, મિલિટ્રીવાળા એમ કહીને રાજીનામું આપશે કે હવે અમારાથી લડાઈ થઈ શકતી નથી એટલે અમે બંદૂક છોડીને રક્તપાતના આ ધંધો છોડી રહ્યા છીએ.

ચૂપ ના રહેવાથી સાચી વાત પણ સમજી શકતા નથી

પરંતુ અમારી વાત સાંભળીને લોકો એને માનવાને બદલે, એમ કહેશે કે આતો કોરી કલ્પના છે. તેઓ આપણી વાત માનશે જ નહીં કારણ કે તેઓ આ વાતને સમજી શકતા નથી.

ચૂપ રહેવું એ ક્રોધને દૂર કરવાનો ઉપાય છે

ચાલો, એક સપ્તાહની વાત છોડી દો. ત્રણ દિવસ લોકો ચૂપ રહે અને મૂક ભાવથી કામ કરે, પોતાનું કર્તવ્ય નિભાવે, ત્યારે એને 'ચૂપ' રહેવાનું મહત્ત્વ સમજાશે. જો કોઈના મનમાં ક્રોધ પણ આવે

(અનુસંધાન પેજ નં. 14 પર)

પ્રસન્નતાના પથ પર

ખુશી અનુભૂતિ છે, વિચાર નહીં

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

આપને જોઈને, આપના વિશે વિચારીને યા બીજાઓ વિશે વિચારીને એમણે જે જે પ્રાપ્ત કર્યું, હું પ્રાપ્ત નથી કરી શકી તો એનાથી મારી અંદર દુઃખની અનુભૂતિ પેદા થઈ રહી છે. પછી મારા મનમાં પ્રતિસ્પર્ધા શરૂ થઈ જાય છે કે જે ચીજ એમની પાસે છે. તે મારી પાસે પણ આવવી જોઈએ. કારણ કે જ્યારે તે મારી પાસે આવશે ત્યારે મને ખુશી મળશે. અહીં આપણે સમજવાનું છે કે તે વસ્તુ ખુશી લઈને આવતી નથી, માત્ર એના પર કરેલો વિચાર જ ખુશી ઉત્પન્ન કરે છે. હા, એ જરૂર છે કે હું વસ્તુ પર નિર્ભર છું. જ્યારે તે આવશે, ત્યારે મને ખુશી મળશે. તે વસ્તુ ખુશીવાળા વિચાર કે ખુશીની અનુભૂતિ લઈને આવશે નહીં. તે આપણે જ પેદા કરવી પડશે.

જો ચાર વ્યક્તિઓએ કહ્યું કે આ વસ્તુ બહુ સારી છે. તો મને સારું લાગ્યું પછી પાંચમી વ્યક્તિ એ કહ્યું કે, વસ્તુ સારી નથી તો વિચારો બદલાય ગયા. જો કે ચીજ તો તે છે વિચારને જન્મ આપનારા આપણે જ છીએ. આપણી પાસે પાવર છે કે આપણે જેવું ઈચ્છીએ, તેવા વિચાર ઉત્પન્ન કરી શકીએ છીએ. હવે આપણે પસંદ કરવાનું છે કે આપણે કેવા વિચારો કરીએ છીએ.

આપણે એ વિચાર ઉત્પન્ન કરી શકીએ છીએ કે મારી ખુશી ચીજ પર નિર્ભર નથી. મારી ખુશી કોઈ ચીજ ખરીદવા યા ના ખરીદવા પર નિર્ભર નથી કે બીજા લોકો એ વસ્તુ વિશે શું બોલે છે જેને મેં ખરીદી છે.

કોઈપણ વસ્તુ કંઈ પણ ઉત્પન્ન કરતી નથી. તે માત્ર મને આરામ આપી શકે છે. ખુશી યા કોઈપણ અનુભૂતિ તે નિર્મિત કરી શકતી નથી. કારણ કે એની પાસે ઉત્પન્ન કરવાની ક્ષમતા નથી.

કોઈપણ વસ્તુ આપણને ખુશી આપી શકતી નથી. પણ તે ખુદ સ્વયંને આપું છું. કારણ કે હું ચેતન છું. વસ્તુઓ તો જડ છે. ખુશી વાસ્તવમાં એક અનુભૂતિ છે, આ એક અનુભવ છે. એને ઉત્પન્ન કરવા માટે કોઈને કોઈ માધ્યમ તો જોઈએ. આખા દિવસમાં આપણે બહુ પ્રકારના અનુભવ કરીએ છીએ. ક્યારે ખુશીનો, ક્યારેક દર્દનો ક્યારે ચિંતાનો પણ આ અનુભૂતિઓનો આધાર શું છે? આ સમજવું ઘણું જરૂરી છે. ખુશીના અનુભૂતિનો આધાર આપણા સંકલ્પ છે. જે એ સમયે આપણે ઉત્પન્ન કરીએ છીએ.

આપણે એક સુંદર ફૂલ જોયું તેનાથી બહુ સારી અનુભૂતિ થઈ. એનો આધાર છે - આપણે સંકલ્પ ઉત્પન્ન કરીએ છીએ કે આ કેટલું સુંદર ફૂલ છે. ત્યારે અનુભૂતિ થાય છે. અગર કોઈ એ વિચારને પેદા નહીં કરે તો એને અનુભૂતિ થશે નહીં. હું ફૂલોની ક્યારીને બેદરકારીથી પાર કરી જાઉં તો મને કોઈ અનુભૂતિ થશે નહીં. મેં એ અનુભવ જ નથી કર્યો કે અહીં બહુ સુંદર ફૂલ લાગેલાં છે. મેં ફૂલોને જોઈને એના ઉપર સંકલ્પ નથી ચલાવ્યો તો અનુભૂતિ થઈ નહીં. આપણે કર્યો કે આ બહુ સુંદર ફૂલ છે. એનો રંગ બહુ સારો છે.

સુંગધી કેટલી સારી છે. અર્થાત્ આપણે જે જે વિચાર ઉત્પન્ન કર્યા હતા તે પ્રમાણે કર્યું ત્યારે અનુભૂતિ થઈ.

આપણે સંકલ્પ કરી રહ્યા છીએ કે કેટલું સારું ફૂલ છે. અમારી અનુભૂતિ સારી છે. એટલા જ સમયમાં કોઈએ કંઈ કહ્યું. અહીં હવે આપણો વિચારવાનો ઢંગ બદલાય ગયો કે મને આવું શા માટે બોલ્યા. અનુભૂતિ બદલાય ગઈ. વિચાર બદલાય ગયા. ફૂલ અત્યારે પણ તેજ છે પરંતુ હવે તે અનુભૂતિ થઈ રહી નથી.

એ ફૂલને જોઈને અમારી આંખમાં આંસુ આવી શકે છે. આપણને એ યાદ આવી શકે છે કે મને મારા પતિએ શરૂઆતથી કેટલાં સુંદર ફૂલ લાવીને આપતા હતા પણ હવે ફૂલ લાવતા નથી. ફૂલ તો એ જ છે પણ એ ફૂલને જોઈને કેટલા બધા સંકલ્પ કર્યાં. આપણએ જે પ્રકારના સંકલ્પ કરીશું આપણને એ રીતની અનુભૂતિ થશે. આપણે પૂરા દિવસ યા પૂરા જીવનમાં કેવો અનુભવ કરવા ઈચ્છીએ છીએ તે કોના પર નિર્ભર કરશે? મારા વિચાર પર.

ઈર્ષ્યા પણ એક અનુભૂતિ છે. એની રચના કરવા માટે મેં એક વિચાર ઉત્પન્ન કર્યો. કેવો? મારી બહેને મારાથી પણ મોટી ગાડી ખરીદી તો એનાથી સારી મહસૂસતા આવે છે. ગાડી તે જ છે બહેન પણ તે જ છે પરંતુ મહસૂસતામાં કેટલું અંતર થઈ ગયું. હવે હું કેવા પ્રકારના વિચારો કરીશ તો મને ઈર્ષ્યાની મહસૂસતા આવશે. મારે જે પ્રકારની મહસૂસતા આવશે એના આધાર પર હું બીજા વિચારો ઉત્પન્ન કરતી જઈશ.

આપણે આખો દિવસ કેવી જાગરુકતાની સાથે ચાલી રહ્યા છીએ એના પણ થોડું ધ્યાન આપવાની આવશ્યકતા છે. આપણને પહેલાં ખબર નહોતી વિચાર પહેલા આવે છે યા અનુભૂતિ. હવે અમને ખબર પડી. જો આપણે સમાચાર પત્ર વાંચી રહ્યા છીએ કે કોઈની સાથે મોટી દુર્ઘટના થઈ ગઈ છે. ક્યાંક કોઈની સાથે અન્યાય થઈ રહ્યો છે. ત્યાં કોઈ ઈલાકામાં દુકાળ પડી રહ્યો છે ત્યારે દુઃખની મહસૂસતા આવશે. પરંતુ દુઃખ અનુભવ કરતાં પહેલા આપણે શું કર્યું? તે માહિતી આપણી અંદર નાખી અને એના આધાર પર સંકલ્પ કર્યાં. હવે આ લોકોનું શું થશે યા એ લોકોની સાથે શું થશે યા એ લોકોની સાથે આવું કઈ રીતે થઈ ગયું, એમનું ભવિષ્ય શું થશે વગેરે વગેરે. આપણે પહેલાં. વિચાર પેદા કરીએ છીએ પછી તેનું પરિણામ આપણને અનુભૂતિના રૂપમાં મળે છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 20નું અનુસંધાન)...અતીતમાં જીવવાનું

કાલની સાથે સમજૂતી કરી લઈએ. જૂના અનુભવોમાંથી બોધપાઠ લઈને સ્વયંને સશક્ત બનાવીએ સ્વયંને અને બીજાને દિલથી માફ કરી દઈએ. સાથે જ જેનું જાણે અજાણે દિલ દુભાવ્યું હોય તો, એની મનમાં જ ક્ષમા માગી લઈએ. આ રીતે પોતાના જૂના ખાતાને સમાપ્ત કરીને હળવા બની જઈએ. સદા યાદ રાખો કે આ બેહદ વિશ્વનાટક પણ કલ્યાણકારી છે. કારણ કે સ્વયં કલ્યાણકારી શિવ પિતા આ સમયે બાળકોની સાથે છે. હવે એ આપણા હાથમાં છે કે આપણે જૂની વાતોનો બોજો વર્તમાનના ખભે ઊંચકીને, કાચબાની રફતારથી થાકેલા ચાલતાં રહીએ યા પછી અતીતને કલ્યાણકારી રૂપથી સ્વીકાર કરતાં હળવા પક્ષી બનીને ભવિષ્યની ઉડાન ભરીએ.

॥ ઓમશાંતિ ॥

પરમાત્માને ખુદા દોસ્ત બનાવી લો

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુરોડ

પરમાત્મા અને આત્મામાં પહેલી **સ્વરૂપની સમાનતા** છે. પરમાત્મા પ્રકાશપુંજ છે, હું આત્મા પણ પ્રકાશપુંજ છું. બંનેનું એક જેવું સ્વરૂપ છે. બીજી **ગુણોની સમાનતા** છે. આત્મા સતોગુણી સ્વરૂપ છે અને પરમાત્મા સર્વગુણોના સાગર છે. તો ગુણોની સમાનતા. અર્થાત્ સ્વભાવની સમાનતા. બંનેની પ્રકૃતિ એક જેવી છે. ત્રીજી **ધામની સમાનતા** છે. કોઈ વિદેશ ચાલ્યા જાય અને ત્યાં પોતાના ગામની વ્યક્તિ મળી જાય, તો ત્યાં દોસ્તી થઈ જાય છે. પરમાત્મા પણ પરમધામ નિવાસી છે અને આપણે આત્માઓ પણ પરમધામ નિવાસી છીએ.

જ્યારે આ ત્રણ સમાનતા છે તો દોસ્તી થઈ શકે છે. દોસ્તને કેવી રીતે યાદ કરવાના હોય છે? મનમાં કોઈ વાત છે તો એવું બની શકે માતા-પિતાથી છુપાવી લે. પણ દોસ્તને મનની દરેક વાત સંભળાવીએ છીએ. પરમાત્મા સાથે દોસ્તી રાખીને જુઓ કેટલો સુખદ અનુભવ થાય છે. જેમ દરેક વાતમાં આપણી પાસે એક સહારો છે. જેના ઉપર આપણે ભરોસો રાખી શકીએ છીએ, જે કદી દગો નહીં કરે. આ દુનિયાના દોસ્ત મતલબી હોય છે અને સમય આવે દેખાતા નથી. પરંતુ ભગવાન નિઃસ્વાર્થ ભાવથી સદા સાથ નિભાવે છે. તો આપણે પણ મતલબથી એની સાથે દોસ્તી રાખવાની નથી. પણ વફાદારીથી દોસ્તીનો અનુભવ કરો. દોસ્તીના સંબંધ પર એક વાર્તા છે.

એક વાર એક વ્યક્તિની દોસ્તી ખુદા સાથે થઈ ગઈ બંને બહુ પ્રેમભરી વાતો કરતા હતા. એક દિવસે વ્યક્તિના મનમાં વિચાર આવ્યો એણે ખુદાને કહ્યું આપ તો જન્નત (સ્વર્ગ)ના માલિક છો. ક્યારે મને પણ આપની જન્નતના સુખનો અનુભવ કરાવો. ખુદાએ કહ્યું છેવટે તારો ભાવ કયો છે? વ્યક્તિએ કહ્યું તે દસ દિવસ માટે જન્નતમાં રહીને જન્નતનો અનુભવ કરવા ઈચ્છે છે. ખુદાએ કહ્યું બસ દસ દિવસ માટે જન્નતમાં રહીને જન્નતનો અનુભવ કરવા ઈચ્છે છે. ખુદાએ કહ્યું બસ દસ દિવસ માટે વ્યક્તિએ હા પાડી અને ખુદાએ કહ્યું કે આજથી દસ દિવસ માટે તને સ્વર્ગ (જન્નત)નો માલિક બનાવું છું. અને તું જેટલા સુખ, આનંદ ભોગવવા ઈચ્છો એટલાં ભોગવી લો.

પહેલા દિવસે જ વ્યક્તિએ અનુભવ કર્યો કે એણે દસ દિવસ કહીને ભૂલ કરી છે. પરંતુ એણે જોયું કે સ્વર્ગમાં દરેક કામ બહુ જલદીથી થાય છે તો એના મનમાં વિચાર આવ્યો કે હું પોતાના માટે આવું જ સ્વર્ગ તૈયાર કરાવી દઉં. એણે બધાં સંસાધન લગાવીને દસ દિવસમાં તેવું જ સ્વર્ગ તૈયાર કર્યું અને દસ દિવસ પછી ખુદાને એની જન્નત પાછી આપી. જ્યારે ખુદાએ જોયું કે એણે પોતાના માટે આવું જ સ્વર્ગ તૈયાર કરાવી દીધું છે તો એ વ્યક્તિ ઉપર હસવું આવ્યું કે એણે મને પણ છોડ્યો નહીં પરંતુ ગુસ્સો આવ્યો નહીં. ખુશી થઈ કે ચાલો હવે બરાબરની દોસ્તી થઈ ગઈ. આ છે ખુદાની સાથે સંબંધ નિભાવવાની રીત, એકદમ ન્યારી અને પ્યારી.

॥ ઓમશાંતિ ॥

સુરક્ષિત જીવન સફર માટે...

બ્ર.કુ. ચંદ્રિકા, દહાનુકરવાડી, મુંબઈ

જે પ્રકારે સડક સુરક્ષા માટે સરકાર કેટલાક નિયમ બનાવે છે. જે મુજબ ચાલવું જરૂરી છે. એ પ્રકારે માનવ માટે પોતાના જીવનની સફરમાં પણ કેટલાયે પ્રકારના નિયમ પર ચાલવું જરૂરી છે. આધ્યાત્મિક માર્ગ બતાવનાર ગાઈડ સ્વયં પરમપિતા પરમાત્મા શિવ છે. જેઓ આપણને નિત્ય માર્ગદર્શન આપે છે. સાવધાની માટે નીચે લખેલા દસ નિયમોનું પાલન કરો.

1. સુસ્તી, આળસ, અલબેલાપણાના ચોરોથી બચો.
2. દૃઢતાની સીટ બેલ્ટ પહેરી રાખો.
3. દુર્વ્યસનની ખોટી આદતોથી મુક્ત બનો.
4. જીવનમાં બની રહેલી ઘટનાને, પછી તે સારી હોય કે ખરાબ સાક્ષીભાવથી જોવા છતાં, એનાથી પ્રેરણા લઈને આગળ વધો, થોભશો નહીં.
5. સર્વને સહયોગ આપવાની ભાવના રાખો.
6. ઉન્નતિની ગતિને ઓછી કરનારી કોઈ વાત આવી જાય, સ્પીડબેકર આવી જાય તો ધીરજ અને શાંતિથી કામ લો, જલ્દબાજી ના કરો.
7. સૌને આગળ વધારતાં, ઓવર ટેઈક ના કરો.
8. મંઝિલ પર પહોંચાડનાર શરીર રૂપી સાધન વાહન છે, એમની પણ સંભાળ જરૂરી છે.
9. પોતાના કોઈ સ્વભાવ સંસ્કારને વશ થઈને તનાવ પૂર્ણ વાતાવરણ ના બનાવો.
10. જીવનસફરમાં પરમાત્માના આનંદ, ઉમંગ ઉત્સાહમાં રહેવા છતાં સમયને સફળ કરો.

॥ ઓમશાંતિ ॥

ધૈર્ય-વિવેકથી ક્રોધને જીતાય

જીવનમાં એક વાત યાદ રાખો કે જેવો ક્રોધ આવે, આપ દિશાહીન બની જશો. આમેય મનોવૈજ્ઞાનિક કહે છે કે ક્રોધમાં મનુષ્ય અડધો પાગલ બની જાય છે. અને પાગલ એને કહેવામાં આવે છે કે જેને પોતાની દિશાની ખબર નથી. ગુસ્સો આવવાની ધીરે-ધીરે સદ્‌ગુણ પણ સમાપ્ત થવા લાગે છે ક્રોધ આવે ક્યારે છે, જ્યારે આપણી ઈચ્છાઓ પૂરી થતી નથી. ક્રોધ કરનાર પક્ષમાં એ તર્ક આપે છે કે આમ તો હું ક્રોધ નથી કરતો પણ સામેવાળાએ એવું કર્યું કે ક્રોધ આવી ગયા. શાસ્ત્રોમાં એક શબ્દ આવે છે ક્રોધાગ્નિ. મતલબ ગુસ્સાને આગ કહેવામાં આવે છે. આવી આગ જેમાં ક્રોધ કરનાર વ્યક્તિ સળગે છે, બીજાઓને પણ સળગાવે છે. જ્યારે ક્રોધની આગ સળગે છે ત્યારે ધૂમાડો પેદા થાય છે, જેનું નામ છે બેચેની, નિરાશા, તિરસ્કાર, પશ્ચાતાપ. આ સૌ આ ધૂમાડાનાં રૂપ છે.

એક વાત ધ્યાનમાં રાખો કે ફાયર એલાર્મ આગથી નથી વાગતું. ધૂમાડાને કારણે એમાં અવાજ આવે છે. જ્વાળાઓ ઉઠતી રહે અને ધૂમાડો ના હોય તો કદાચ સીસ્ટમ કામ નહીં કરતી હોય. એ રીતે આપણે આપણા શરીરમાં પણ વિવેક રૂપી ફાયર એલાર્મ લગાવી દેવું જોઈએ. ક્રોધની અગ્નિ ક્યારે સૌની અંદર સળગી જ જાય છે. પરંતુ એના પછી ઉઠનારી બેચેની, નિરાશા અને પશ્ચાતાપના ધૂમાડાથી અંદરનું ફાયર એલાર્મ વાગવું જોઈએ મનુષ્ય છે, તો વ્યવસ્થા ચલાવવા માટે ક્યારેક ક્રોધ પણ આવી જાય છે. પરંતુ પાછળથી સંતાપ દૂર કરવા માટે આપનું ધૈર્ય અને વિવેક જ કામમાં આવશે.

॥ ઓમશાંતિ ॥

પ્રકૃતિના પ્રકોપ, પાપ અને શ્રાપથી મુક્ત થવા માટે

આધ્યાત્મિક જાગૃતિ આવશ્યક

બ્ર.કુ. મૃત્યુંજય, કાર્યકારી સચિવ, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

આ સમય સમગ્ર માનવકુળ એક ઘોર વૈશ્વિક સંકટની ઘડીથી પસાર થઈ રહ્યું છે. અમીર-ગરીબ, શિક્ષિત - અશિક્ષિત નાના-મોટા, સ્ત્રી-પુરુષ, દેશ-વિદેશ, ધર્મ-સમુદાયના ભેદભાવ વિના કોરોના વાયરસની બીમારીને કારણે મૃત્યુનું તાંડવનૃત્ય થઈ રહ્યું છે. નવી બીમારી હોવાના કારણે અત્યાર સુધી તેની કોઈપણ નક્કર દવા યા ઈંજેક્શન મળતાં નથી. જોકે કોરોના કહેરથી માનવતાને બચાવવા માટે વિશ્વભરના હજારો વૈજ્ઞાનિકો એનો ઈલાજ શોધવામાં વ્યસ્ત છે. ધરતી પર ભગવાનનું બીજું રૂપ ધારણ કરી ડોક્ટર્સ અને નર્સીસ પોતાના જાનને જોખમમા મૂકીને કોરોના સંક્રમિત રોગીઓની ચિકિત્સા અને સેવામાં નિરંતર તત્પર છે. એમના સુસ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે શુભકામના કરીએ છીએ.

આવા સમયે દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી, લોકોમાં હિંમત અને વિશ્વાસ ભરવામાં સફળ થઈ રહ્યા છે. વિશ્વભરમાં એમની પ્રશંસા થઈ રહી છે. આપણી ફરજ બને છે કે એમના દરેક આદેશનું પાલન કરીને એમના હાથ મજબૂત કરીએ અને સ્વયં દેશ અને સમગ્ર માનવતાને બચાવવાના કાર્યમાં યોદ્ધા બનીએ.

એકબીજા વચ્ચે અંતર જીવન માટે જરૂરી

મનુષ્યથી, મનુષ્યના સંપર્કમાં આવવાથી ફેલાતી આ મહામારીને રોકવા માટે સર્વદેશોના રાષ્ટ્રાધ્યક્ષ, પ્રધાનમંત્રી, મંત્રી પરિષદ અને વહીવટી અધિકારી 'લોકડાઉન'ના માધ્યમથી એક મનુષ્યથી બીજા મનુષ્ય વચ્ચે અંતર રાખવાથી (સોશ્યલ ડીસ્ટન્સ)ની રણનીતિ બનાવીને સાર્થક શરૂઆત કરી રહ્યા છે. લોકોને કોરોના વાયરસનાં લક્ષણ અને એનાથી ફેલાનારી સંભવિત વિધિઓ વિશે જન સંસ્કાર માધ્યમો દ્વારા જાગૃત કરવામાં આવી રહ્યા છે.

ભારતમાં પહેલી વાર જાહેર થયેલા 'લોકડાઉન'ને અમલી બનાવવા પોલીસ પ્રશાસન રાત દિવસ પોતાના જીવનને પણ મુશ્કેલીમાં મૂકીને સેવા કરી રહ્યા છે. એમની સેવા માટે આપણે એમને સલામ કરીએ છીએ. એમની સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ. એમને વિશ્વાસ અપાવીએ છીએ કે અમે સૌ તમારી સાથે છીએ.

આપણો સમાજ એક નવા સામાજિક જીવનના અનુભવોમાંથી પસાર થઈ રહ્યો છે. ન્યાયાલય, વિદ્યાલય અને કાર્યાલય સહિત સર્વ વ્યાપારિક સંસ્થાન બંધ છે. વાહન વ્યવહારનાં સાધનો જેવાં કે ટ્રેનો, બસો, એરોપ્લેન ઈત્યાદિને કેટલાક સમય માટે સ્થગિત કરી દીધાં છે. આ મહામારીથી લોકોને બચાવવા માટે નિર્માણ કાર્ય સહિત લગભગ વિકાસની સર્વ ગતિવિધિઓ એક સાથે રોકી દીધી છે.

ધાર્મિક ભાવનાઓ ઉપર નિયંત્રણ આવશ્યક

ધાર્મિક, વૈચારિક પૃષ્ઠ ભૂમિના દૃષ્ટિકોણથી

ભારત એક અત્યંત સંવેદનશીલ રાષ્ટ્ર છે. ધાર્મિક સમારંભો અને ઉત્સવોના નામ પર અહીં હજારો - લાખો લોકો ઘણી સરળતાથી એકઠાં થઈ જાય છે. ઘણી સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક સંસ્થાઓ પણ આ મહામારીની ચપેટમાં આવી છે સાથે સાથે સાવધાની પણ રાખી રહી છે. આ બીમારીનું કારણ અદૃશ્ય છે પણ પરિણામ ઘણું ભયજનક છે. બીજા વિશ્વયુદ્ધથી પણ અધિક ભયાનક દૃશ્ય ઉત્પન્ન થયુ છે. સમસ્ત માનવ-જાતિના માટે મહાવિનાશકારી આ બીમારીને દૂર કરવી એ વર્તમાન સમયનો સૌથી મોટો પડકાર છે.

મનુષ્ય પોતાના કુળનો વિનાશ કરવામાં સ્વયં જવાબદાર

આ બીમારીનું મૂળ કારણ મારી દૃષ્ટિએ અનિયંત્રિત લોભ અને ભોગવૃત્તિ છે. એના કારણે તે લાંબા સમયથી પ્રકૃતિ, પર્યાવરણ તથા મૂંગા પશુ-પક્ષીઓ પર દુ:ખના વાયબ્રેશનથી આ પ્રકૃતિ કોપાયમાન થઈ છે. સર્વ ધર્મોમાં જીવો પર દયા કરવાનો અને અહિંસાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આમ છતાં પ્રાણીઓ પર હિંસાની મૌન સ્વીકૃતિ, પ્રકૃતિને પણ વિચલિત કરે છે. ધર્મનો દુરુપયોગ કરીને સ્વાર્થ અને સંવાદના કામ પર જીવોને હિંસાના લાંબા સમયથી શિકાર બનાવવામાં આવે છે બુદ્ધિજીવી મનુષ્યો દ્વારા જાનવરો પર હિંસાને કાયદાની માન્યતા આપીને સંમતિ આપવામાં આવી છે. આ સમયે મનુષ્ય સ્વયં મૃત્યુનો અવાજ સાંભળીને ભયભીત અને ચિંતાગ્રસ્ત છે.

સ્વાર્થ લોભને વશીભૂત મનુષ્યે હવા-પાણી ધરતીથી લઈને આકાશ સુધી પ્રદૂષિત કરીને એના મૂળ સ્વરૂપને ખતરામાં મૂકી દીધું છે. પોતાના મૂળધર્મ શાંતિ, પ્રેમ, સદ્ભાવના, સમસ્યા ઈત્યાદિને ભૂલીને દેહ અભિમાન અને અહંકારને વશીભૂત થઈને હિંસાની પ્રવૃત્તિને કારણે જીવોનું ભક્ષણ કરવું એ માનવે જાણે કે પોતાનો અધિકાર સમજી લીધો છે. આ સમયે મનુષ્ય અસહાય બનીને આ બીમારીથી મુક્ત થવા માટે પ્રાર્થના અને ઉપાય શોધી રહ્યો છે. આજે હાલત એવી બની ગઈ છે કે મનુષ્ય પોતાના ઘરમાંજ કેદી બની ગયો છે. એક બીજા વચ્ચે અંતર રાખવું, સમય અનુસાર સમજદારી અને મજબૂરી બંને બની ગયાં છે. સ્મશાનઘાટમાં જઈને અંતિમ સંસ્કાર કરવામાં પણ મનુષ્ય ભયભીત છે. આ માટે મનુષ્ય પોતે જ જવાબદાર છે.

પ્રકૃતિનો પ્રકોપ અને શ્રાપ

આ સર્વ દૃશ્યોને જોઈને એવું લાગે છે કે આજનો મનુષ્ય પ્રકૃતિના પ્રકોપ અને શ્રાપનો શિકાર થઈ રહ્યો છે. આ બીમારી શારીરિકની સાથે સાથે એક સામાજિક બીમારી પણ છે. હાલ તો એનાથી બચવાનું કોઈ સમાધાન મળતું નથી. એવું લાગે છે કે મનુષ્યના કર્મભોગ અને પાપોના પ્રાયશ્ચિતનો સમય આવી ગયો છે. મૂંગા પશુઓ, પક્ષીઓ, જાનવરો અને પ્રકૃતિના દુ:ખના સૂક્ષ્મ વાયબ્રેશન દ્વારા મનુષ્યને કર્મોની સજા અને દુ:ખનો અનુભવ થઈ રહ્યો છે. આ દુ:ખ પ્રકૃતિ, પશુ, પક્ષીઓ અને જળચર પ્રાણીઓ કારણે ઉત્પન્ન થયા છે.

આધ્યાત્મિક જાગૃતિ આવશ્યક

ઋષિ-મુનિઓ અને ઈશ્વરીય શિક્ષાઓનું ઉલ્લંઘન કરીને, દેહ અભિમાન અને સ્વાર્થવશ મનુષ્ય ઘણાં પાપકર્મો કરી રહ્યો છે. મનુષ્ય બુદ્ધિ આ સમયે ધૂર્તબુદ્ધિ, શોષણ બુદ્ધિ, પથ્થરબુદ્ધિ, હિંસક બુદ્ધિ, વિનાશકારી બુદ્ધિ અને વાનર બુદ્ધિ બની ગઈ છે. વાસ્તવમાં મનુષ્યે હોવું જોઈએ

દિવ્ય બુદ્ધિ, પવિત્ર બુદ્ધિ, કલ્યાણકારી બુદ્ધિ, દયાળુ અને પ્રેમ બુધ્ધિવાળા. પરંતુ માનવના દિવ્યગુણ માત્ર પુસ્તકોનાં પાનાઓમાં સમેટાઈ રહ્યાં છે. એના આચરણ અને વિચારથી પૂરી રીતે અદૃશ્ય થઈ ગયાં છે. ગીતામાં સત્‌ધર્મની સ્થાપના માટે સ્પષ્ટ પરમાત્મ સંદેશ છે જેમાં કહેવામાં આવ્યું છે - 'અતિ ધર્મગ્લાનિના સમયમાં દિવ્યરૂપથી અવતરિત થઈને, મનુષ્યોને ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગની શિક્ષા આપીને, મુક્તિ અને જીવનમુક્તિનો વારસો આપીશ.' ઉપરોક્ત ઈશ્વરીય સંકલ્પના અનુસાર, વર્તમાન સમયમાં પરમાત્મા પિતા ઈશ્વરીય શિક્ષા આપીને, કર્મ-અકર્મ-વિકર્મના ગુહ્ય રહસ્ય શીખવાડીને, આત્માઓનું દિવ્યનેત્ર ખોલીને એને આત્મ અભિમાની અશરીરી, અવ્યક્ત તથા સૂક્ષ્મ સ્થિતિને ધારણ કરાવવા માટે રાજયોગ મેડીટેશનનો અભ્યાસ કરાવી રહ્યા છે. એમાં ભયમુક્ત, પાપમુક્ત અને દુઃખમુક્ત જીવન જીવવાની કળા સ્વતઃપ્રાપ્ત થઈ જાય છે.

સર્વ મનુષ્યાત્માઓને ઈશ્વરીય શિક્ષા અને રાજયોગ મેડીટેશન શીખવા માટે બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ છે. આપ વર્તમાન સમયના અનુસાર, બ્રહ્માકુમારીઝની વેબસાઈટ ... પર જઈને, આ સંબંધમાં વધારે જાણકારી મેળવીને પોતાના જીવનને ભયમુક્ત, રોગમુક્ત, ચિંતામુક્ત, સુખમય અને શાંતિમય બનાવી શકો છો. આ અમારી સર્વ પ્રત્યે શુભકામના છે. આ સમયનો પોકાર છે.

॥ ઓમશાંતિ ॥

● **જે સર્વનો આદર કરે છે તે આદર્શમૂર્ત બને છે.**

(પેજ નં. 05નું અનુસંધાન)... તંત્રી સ્થાને

પોતાની સ્થાવર - જંગમ મિલ્કતનું ટ્રસ્ટ બનાવીને કન્યાઓ - માતાઓને સોંપ્યું. આજે સંસ્થા દેશ અને વિશ્વના 140 દેશોમાં કાર્યરત છે. ઈશ્વરીય પ્રતિજ્ઞાબધ્ધ હજારો બ્રહ્માકુમારીઓ અને બ્રહ્માકુમારો કરી રહ્યા છે. યોગીજીવનના પાયામાં પ્રથમસ્થાને પવિત્રતા છે. આજે સંસ્થા ભિન્ન ભિન્ન વ્યવસાયી વીસ વીંગો દ્વારા રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો દ્વારા સેવા કરી રહી છે.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

(પેજ નં. 07નું અનુસંધાન)... સર્વ સમસ્યાઓ

તો ચૂપ રહેવાના પરિણામ સ્વરૂપ ઝઘડો થશે જ નહીં અને થોડા સમયમાં જ ક્રોધ સમાપ્ત થઈ જશે. 'ચૂપ' રહેવું એ મોટું રસગુલ્લા છે જેને મોઢામાં નાંખવાથી બોલ જ નીકળતા નથી અને જો નીકળે છે તો હાસ્ય અને મીઠાશ માટે હોય છે.

વાસ્તવિક 'ચૂપ' શું છે ?

'ચૂપ'થી આપણો અભિપ્રાય શું છે? વાણીમાં ચૂપ રહેવું તે પુરુષાર્થનો આરંભ છે. વાસ્તવિક ચૂપ તો એ છે કે જે અવસ્થામાં, મનમાં સ્વયં પોતાનાથી યા કોઈ અન્ય જીવધારી સાથે વાર્તાલાપને વિરામ આપે છે જેમ નિદ્રામાં શરીર બાહ્યરૂપથી નિષ્ક્રિય હોય છે. તે રીતે ચૂપ અવસ્થામાં મન નિશ્ચેષ્ટ અવસ્થામાં હોય છે. તે મનની એવી નિર્મળ અવસ્થા હોય છે કે માત્ર મન જ શાંત અને ગંભીર હોય છે. આ અવસ્થા દિવ્ય વિચારોને જન્મ આપે છે. મહાન રચનાઓના સંકલ્પ કરે છે અને એ અવસ્થામાં જ એનો પરમાત્મા સાથે સંપર્ક સ્થાપિત થાય છે. એને પરમાત્મા પાસેથી નવા વિચારોનાં અમૂલ્ય રત્ન મળે છે.

॥ ઓમશાંતિ ॥

વિચારવાની કળા

બ્ર.કુ. પૂજા, નડિયાદ

કોઈપણ કાર્ય કરવાની એક કળા હોય છે. જ્યારે કાર્ય એ પ્રમાણે કરવામાં આવે છે તો ઓછા ખર્ચમાં, ઓછી ઉર્જામાં અને ઓછા સમયમાં એને સુંદર બનાવી શકીએ છીએ. આવા કાર્યથી સર્વને સુખ મળે છે.

સંસારમાં અનેક પ્રકારની કળાઓ છે જેમ કે નૃત્ય કળા, ભોજન બનાવવાની કળા, વક્તૃત્વ કળા, ચિત્રકળા વગેરે. એને શીખવા માટે માનવ પોતાનો બહુમૂલ્ય સમય અને ધન ખર્ચે છે અને નામ પણ કમાય છે. (કીર્તિ મળે છે.) કળાઓનું જ્ઞાન આપવા માટે દુનિયામાં ઘણી સંસ્થાઓ, સ્કૂલ, કોલેજ વગેરે છે. પરંતુ એ સર્વ કળાઓનો આધાર યા એમાં સૌથી ઊંચી કળા તે છે વિચારવાની કળા.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં આ કળાનું જ્ઞાન આપવામાં આવે છે. કેટલીયે વાર આપણે જોઈએ છીએ કે કોઈ ચિત્ર એટલું ખૂબસૂરત હોતું નથી. પણ એક કલાકાર એમાં રંગ ભરીને એને આકર્ષક બનાવી દે છે. આ પ્રકારે આપણા મનમાં પણ જો કોઈના પ્રત્યે ખોટી છાપ પડેલી હશે તો એમાં શુભભાવના અને શુભકામનાના રંગો ભરીને આપણે પણ એને આકર્ષક બનાવી શકીએ છીએ. એનાથી સ્વયંને પણ અને એમને પણ નિશ્ચિત રૂપમાં સુખ મળશે.

એક સંશોધન અનુસાર મનુષ્યની 80% સંકલ્પશક્તિ વ્યર્થ જઈ રહી છે. માત્ર 20% સંકલ્પશક્તિ કામમાં આવે છે. મનુષ્ય એક મિનિટમાં 27 થી 30 વિચારો ઉત્પન્ન કરે છે. એમાંથી જો 80% વિચારો વ્યર્થ ગયા તો કાર્ય માટે 5 યા 6 વિચાર જ બચે છે. તેથી સંકલ્પો પર ધ્યાન આપવાની ઘણી જરૂર છે. કંઈક વ્યર્થ ચિંતન ચાલે છે તો આપણી ઉર્જા વ્યર્થ જઈ રહી છે. જેમ કે જંગલમાં ભટકી ગયેલા મનુષ્યને જ્યારે દિશા નથી મળતી, ત્યાં સુધી એમનો સમય, શક્તિ વ્યર્થ જાય છે. એ રીતે વિચારોના જંગલમાં ભટકેલ વ્યક્તિને પણ સાચી દિશા મળવી જરૂરી છે. જેથી એનો સમય અને શક્તિ બચી શકે.

માની લો કે કોઈના બહુ વ્યર્થ સંકલ્પ ચાલે છે કે એણે આમ કેમ કર્યું, મારી સાથે જ આવું કેમ થાય છે, એને બદલવું જોઈએ. એ રીતે બુદ્ધિમાં સૃષ્ટિનાટકના યથાર્થ જ્ઞાનને ઈમર્જ પોતપોતાનો પાર્ટ ચાલી રહ્યો છે. સૌનો સાચો પાર્ટ છે. આ નાટક સમય પ્રમાણ ચાલી રહ્યું છે. એને બદલી શકતા નથી. પરંતુ એનો સ્વીકાર કરીને ચાલવાનું છે.

સંકલ્પોથી આપણી આસપાસનું વાયુમંડળ બને છે. દરેક સંકલ્પમાં રચનાત્મક શક્તિ હોય છે. સંકલ્પોના આધાર પર શરીર રૂપી પ્રકૃતિ પણ બદલાય જાય છે. જો કોઈ પૂરી દૃઢતાથી વારંવાર એ સંકલ્પ કરે છે કે હું બીમાર છું તો બીમારીનાં કીટાણું એના શરીરમાં બની જાય છે.

જેમ સ્થૂલધનનો એક એક પૈસો ખર્ચ કરતી વખતે કેટલું ધ્યાન રાખીએ છીએ બજેટ બનાવીએ છીએ. શું આપણે એટલું પણ ધ્યાન આપણા એક એક સંકલ્પ ઉપર રાખીએ છીએ? સંકલ્પોને શ્રેષ્ઠ બનાવવાનો આધાર છે. એટેન્શન રૂપી પહેરેગીર સદા જાગૃત રહે, સમય પ્રતિ સમય પોતાના સંકલ્પોની દિશા અને ગતિને ચેક કરો. વારંવાર જુઓ કે મારા સંકલ્પ જ્ઞાનયુક્ત છે, કલ્યાણકારી

(અનુસંધાન પેજ નં. 25 પર)

અમૃતવેળા

બ્ર.કુ. ચંદ્રિકાબેન, મહાદેવનગર, અમદાવાદ.

અમૃતવેળાની યાદનું મહત્ત્વ

- અમૃતવેળા અર્થાત્ અમૃત દ્વારા અમર બનવાની વેળા.
- અમૃતવેળાએ તમોગુણી વાતાવરણનો પ્રભાવ દબાયેલો રહે છે તેથી વાતાવરણનો સહયોગ મળે છે.
- અમૃતવેળાએ આત્માઓનો પોકાર સહેલાઈથી સંભળાય છે અને ઉપકાર પણ સહેલાઈથી થાય છે.
- અમૃતવેળાએ વરદાન આપવું પણ સહેલું છે અને વરદાન લેવું પણ સહેલું છે.
- અમૃતવેળાએ આત્માઓની સ્થિતિ બાપ સમાન સંપન્ન અને દાતાપણાની હોય છે.
- અમૃતવેળાએ બ્રહ્મલોક નિવાસી બાપ વિશેષ રૂપમાં જ્ઞાનસૂર્યની લાઈટ માઈટનાં કિરણો બાળકોને વરદાન રૂપે આપે છે.
- અમૃતવેળાએ અવ્યક્ત વતનવાસી બાપ ભાગ્યવિધાતાના રૂપમાં ભાગ્ય અર્થાત્ અમૃત વહેંચે છે, જેટલું ભાગ્યરૂપી અમૃત બ્રહ્માબાબા દ્વારા લેવા ઈચ્છો, તેટલું લઈ શકો છો.
- અમૃતવેળાએ બાપદાદા દરેક બાળકોની સંભાળ લેવા અને નીરખવાને માટે વિશ્વભ્રમણ કરે છે.
- અમૃતવેળાએ બાપદાદા વિશેષ બાળકો માટે દાતાના રૂપમાં, મિલન મનાવવાના સર્વ સંબંધોના સ્નેહ સંપન્ન સ્વરૂપમાં અને સર્વ ખજાનાઓથી ઝોળી ભરનાર ભોલા ભડારીના રૂપમાં હોય છે.

- અમૃતવેળાએ ભાગ્ય વિધાતા બાપ સહજ યોગી, રહેમદિલ, દિલતખ્ત પર બિરાજમાન બાળકોને સફળતાનું તિલક લગાવે છે.
- અમૃતવેળાની એક સેકંડનો અનુભવ આખા દિવસના સર્વ પ્રાપ્તિ સ્વરૂપના અનુભવનો આધાર છે.
- રોજ અમૃતવેળાએ યાદનો બદલો (રીટર્ન) આપવા માટે બાપ ચક્કર લગાવે છે. ભલે બાળકો સૂતાં હોય, પણ બાપ પોતાનાં સર્વ બાળકોની દેખરેખનું કાર્ય સદા કરે છે.
- અમૃતવેળાએ બાપદાદા પણ દરેક સાથે ઘરાઈને વાતો કરવા માટે, નબળાઈઓ (દોષો) દૂર કરવા માટે, અનેક પ્રકારનાં પાપ ભસ્મ કરાવવા માટે, લાડપ્યાર આપવા માટે, બધાં કાર્યો માટે શ્રી (કુરસદવાળા) હોય છે. આ સમયે ઓફિસિયલ નહીં પણ ભોલા ભંડારીના રૂપમાં હોય છે.

અમૃતવેળાની યાદના ચાર્ટને દૃઢતાથી ધારણા કરવાની વિધિ

એ યાદ રહે કે અમૃતવેળાએ સ્વયં પ્રકૃતિના માલિક ભગવાન જગાડે છે.

અમૃતવેળાથી સ્વચિંતન શરૂ કરો અને શુભ ચિંતક બની વારંવાર સ્વચિંતનની સાથે સાથે સ્વયંનું નિરીક્ષણ કરો. (તપાસો) ચેકીંગ (નિરીક્ષણ) નથી કરતા, ચિંતન નથી કરતાં તેથી

બેદરકારપણું આવી જાય છે. ચેકીંગ અને ચિંતનને એક દૃઢ સંકલ્પની ઢબથી પોતાના જીવનનું કાર્ય બનાવો. અમૃતવેળાએ રોજ આ આવશ્યક કાર્યને તાજુ કરો. ત્યારે આખો દિવસ એનું બળ મળશે. છતાં પણ બેદરકારપણું ચાલે તો પોતાને સજા કરો. સૌથી પ્યારી વસ્તુ કે કર્તવ્ય હોય તે છોડો. સાચા હૃદયથી પશ્ચાતાપ કરશો તો પાછળથી નહીં કરવો પડે. નહિતર પાછળથી ખૂબ ખૂબ પસ્તાવું પડશે.

અમૃતવેળાએ યાદમાં બેસવાનો સંકલ્પ અને વિધિ

- અમૃતવેળા થઈ. આંખ ઊઘડી કે એક સેકન્ડમાં ત્વરાથી બાપની સાથે બેસો.
- યાદનો પ્રથમ સંકલ્પ હોય, 'હું જે છું, જેવો છું તારો જ છું.' સંકલ્પ અને બુદ્ધિ બાપના હવાલે કરી દો, માયાની બાજીને પાર કરીને સાથમાં આવીને બેસી જાઓ. સાથને કારણે જે બાપનો ખજાનો તે આપનો ખજાનો અનુભવશો જ્ઞાનના આધારે નહીં પણ પ્રાપ્તિના આધારે.
- આ સમયે કોઈ પણ પ્રકારનું વિઘ્ન કે અડચણ ન હોય તેવી સ્થિતિમાં બેસવાનું છે.
- બાબા કહે - 'અમૃતવેળાએ ફરિશ્તાપણાનો ચમત્કાર પોશાક પહેરીને સૂક્ષ્મવતનમાં આવો ત્યારે મિલન થશે.' આ ડ્રેસ માયા પ્રુફ છે.
- અમૃતવેળાએ સૂક્ષ્મવતન સુધી પહોંચવા માટે મહીન (અતિસૂક્ષ્મ) સર્વ સંબંધોના સારવાળી યાદ જોઈએ. આ સૌથી શક્તિશાળી યાદ છે.

અમૃતવેળાએ શું કરી શકો ?

- અમૃતવેળાએ બાપને (પરમાત્મા શિવ) જે રીતે મનાવવા ઈચ્છો તે રીતે મનાવી શકો છો.
- જે પણ સંબંધ નિભાવવા ઈચ્છો તે નિભાવી શકો છો.
- સહજ વિધિનો અનુભવ કરવા ઈચ્છો તે કરી શકો છો.
- સર્વ વિધિઓ અને સિદ્ધિઓ સહજ પ્રાપ્ત કરી શકો છો.
- પ્રાપ્તિના ભંડાર અને તે આપનાર દાતા સહજ પ્રાપ્ત થઈ શકે છે.
- અમૃતવેળાએ ખુલ્લા ભંડારોમાંથી ઝોળી ભરી શકો છો.
- વરદાતા અને ભાગ્યવિધાતા દ્વારા અમૃતવેળાના સમયે જે પણ ભાગ્યની રેખા દોરાવવા ઈચ્છો તે દોરાવી શકો છો. આ સમયે બાપ ભોળા ભગવાનના રૂપમાં હોય છે. સ્નેહના આધારથી શ્રેષ્ઠ રેખા દોરાવી શકો છો. જે ઈચ્છો જેટલા જન્મો માટે ઈચ્છો. ભલે આઠ રત્નોમાં આવવા ઈચ્છો, 108ની માળામાં આવવા ઈચ્છો. બાપદાદાની ખુલ્લી ઓફર છે.
- અમૃતવેળાને શક્તિશાળી બનાવવાથી મનસા સેવા પણ વધારી શકો છો.

અમૃતવેળાએ સ્વયં પ્રતિ શું કરવાનું છે?

- અમૃતવેળા વરદાનોનો સમય છે, જેટલું અમૃતવેળાનું મહત્ત્વ રાખશો તેટલા મહાન બનશો. અમૃતવેળાએ સ્વયંને માસ્ટર સર્વશક્તિવાનનું તિલક લગાવો.
- અમૃતવેળાએ સદા સ્મૃતિનું તિલક લગાવો કે 'આપણે અધિકારી છીએ' સદા તિલક લગાવેલું રહેશે તો સદા હર્ષિત રહેશો.
- આ સમયે પોતાની સમગ્ર દિવસની શ્રેષ્ઠ સ્થિતિ અને શ્રેષ્ઠ કર્મનું મુર્હૂત કાઢવાનું છે.
- અમૃતવેળાથી અનુભૂતિનો કોર્સ શરૂ કરો. જેમાં (૧) બાપની સાથે સર્વ સંબંધોની અનુભૂતિ. (૨) જ્ઞાનના દરેક મુદ્દાની

અનુભૂતિ (૩) ધારણામાં દરેક ગુણની અનુભૂતિ હોય.

- રોજ અમૃતવેળાએ પોતાની મહિમા, બાપની મહિમા, પોતાના કર્તવ્ય અને બાપના કર્તવ્યને યાદ કરો.
- અમૃતવેળાએ બાપદાદા સાથે રુહરુહાન દ્વારા, રુહાની મિલન દ્વારા જ્ઞાન રત્નો ધારણ કરવાનાં છે, શક્તિઓ ધારણ કરવાની છે. પછી આખા દિવસમાં મનનશક્તિ દ્વારા ધારણ કરેલાં રત્નો અને ધારણા કરેલી શક્તિઓ બીજાને ધારણ કરાવવાનાં છે.
- અમૃતવેળાએ મિલન મનાવવાની શક્તિ, ગ્રહણ કરવાની શક્તિ, ધારણ કરવાની શક્તિ અને બાપ દ્વારા દરરોજના વિશેષ શુદ્ધ સંકલ્પ રૂપી પ્રેરણાને કેચ કરવાની શક્તિ સૌથી વધારે જરૂરી છે.
- અમૃતવેળાએ માલિક બનો અને અધિકાર લો. કોઈપણ ખજાના ઉપર તાળું ચાવી નથી.
- અમૃતવેળાએ નિયમ પ્રમાણે નહીં પણ બાપની સાથે મિલન મનાવવાના અનુભવીમૂર્ત બનીને બેસવાનું છે.
- રોજ અમૃતવેળાએ ત્રિસ્મૃતિ સ્વરૂપ અવિનાશી તિલક લગાવો. આપ, બાપ અને ડ્રામા. ત્રિસ્મૃતિ સ્વરૂપ અર્થાત્ સર્વ સમર્થ સ્વરૂપ. સમર્થની સામે માયાનાં વ્યર્થ સમાપ્ત થઈ જશે.
- અમૃતવેળાની યાદમાં પરિવર્તન શક્તિનું આવાહ્ન કરો. જેનાથી માયાનાં પાંચ રૂપ પાંચ દાસીના રૂપમાં આવી જશે. (૧) કામવિકાર શુભ ભાવનાના રૂપમાં, દુશ્મન દોસ્તના રૂપમાં આવી જાય. (૨) ક્રોધ રુહાની જોશ યા રુહાની ખુમારીના રૂપમાં, બેહોશને હોશ આપનાર બની જાશે. ક્રોધ વિકાર સહન શક્તિના રૂપમાં પરિવર્તિત થઈ પાપોને ભસ્મ કરશે. (૩) લોભ અનાસક્ત શક્તિના રૂપમાં. (૪) મોહ વિકાર પ્રહાર કરવાને બદલે સ્નેહના સ્વરૂપમાં યાદ અને સેવામાં વિશેષ સાથી બની જશે. સ્નેહ યાદ અને સેવામાં સફળતાનું વિશેષ સાધન બની જશે. (૫) અહંકાર દેહઅભિમાનમાં પરિવર્તત થઈ સ્વાભિમાન બની જશે.

અમૃતવેળાથી રાત સુધી દિનચર્યામાં પરિવર્તન શક્તિનો પ્રયોગ કરો.

- ઉઠતાં જ 'હું શરીર નહીં આત્મા છું.' આ સમર્થ સંકલ્પ શ્રેષ્ઠ સંકલ્પ, શ્રેષ્ઠ બોલ અને શ્રેષ્ઠ કર્મનો આધાર છે.
- બીજું પરિવર્તન મારા સર્વ સંબંધો બાપ સાથે છે.
- ત્રીજું પોતાને મંદિરમાં બિરાજમાન શ્રેષ્ઠ મૂર્તિ સમજો. જેનો મહિમા સ્વયં ભગવાન કરે છે.
- રુહાની અભ્યાસ વખતે પોતાને બાપદાદાના સ્પેશ્યલ લાડલા વિદ્યાર્થી સમજવું.
- જ્ઞાન સાંભળનાર વ્યક્તિને નહીં પણ વ્યક્તિમાં અવ્યક્ત બાપ અને નિરાકારી બાપને જુઓ.
- પ્રવૃત્તિમાં વિશ્વ કલ્યાણકારી સ્થિતિમાં થઈ રહેમદિલની ભાવના રાખી, સેવાની સ્મૃતિ રાખતાં સેવા કરો.
- સાધનને વિનાશી સમજી સાધનાને સામે રાખો.
- વસ્તુ અને વૈભવને અનાસક્ત ભાવથી જુઓ અને પોતાને સિદ્ધિ સ્વરૂપ અનુભવ કરો.
- પથારીમાં નહીં, પણ બાપની યાદની ગોદીમાં સૂઈ જાઓ. ફરિસ્તાઓની દુનિયાની સફર કરો. સોનાની દુનિયા (સ્વર્ગ)નાં સ્વપ્ન જુઓ.

અમૃતવેળાએ વિશ્વ પ્રતિ શું કરવાનું છે?

- આ સમયે એકી સાથે બે પાર્ટ બજાવવાના છે. લેવું અને આપવું એકી સાથે. વરદાની અને મહાદાની.
- આવી સ્થિતિમાં સ્થિત થનાર ઉપકારી આત્માઓને પોકાર એટલો સ્પષ્ટ સંભાળશે જાણે કાનમાં કોઈ વાત કહી રહ્યું હોય. તો પોકાર સાંભળો અને ઉપકાર કરો.
- અમૃતવેળાએ લાઈટ હાઉસ અને માઈટ હાઉસ બનીને વિશ્વના આત્માઓને વરદાન આપવાનાં છે.
- રોજ અમૃતવેળાએ વિશ્વ વરદાની સ્વરૂપમાં વિશ્વકલ્યાણકારી બાપ સાથે કમ્બાઈન્ડ રૂપ બનો. વિશ્વ વરદાની શક્તિ અને વિશ્વ કલ્યાણકારી શિવ. શિવ અને શક્તિ કમ્બાઈન્ડ રૂપથી મનસા સંકલ્પ યા વૃત્તિ દ્વારા વાઈબ્રેશનની સુગંધ પ્રસરાવો. આપ દ્વારા સુખ, શાંતિ અને પ્રેમની સુગંધ ફેલાવતા જાઓ. રોજ અમૃતવેળાએ ભિન્ન ભિન્ન શ્રેષ્ઠ વાઈબ્રેશનોથી ફુવારાની જેમ આત્માઓ ઉપર ગુલાબવાસી નાંખો. ફક્ત સંકલ્પની સ્વયં સંચાલિત સ્વીચ ચાલુ કરો.

બાપદાદાની વિશેષ સાવધાની

અમૃતવેળાએ જહાન (વિશ્વ)ના નૂરો (આત્માઓને)ને બાપદાદા જોઈ રહ્યા છે કે જહાનના નૂર હલી રહ્યા છે કે એકાગ્ર છે?

વીત્યું તે વીત્યું. હવેથી પોતાના કર્તવ્યને જાણી સદા જાગતી જ્યોતિ બની રહો.

॥ ઓમશાંતિ ॥

સંકલન

(પેજ નં. 21નું અનુસંધાન)... ઈન્દ્રજાળ અને માયાજાળ

અનુભવી આત્માઓ જ સાચાં સુખ-શાંતિ સ્વર્ગના રહસ્યનો અનુભવ કરી શકશે.

આવો પરમાત્મા ચિંતનવાળો આત્મા ઈન્દ્રજાળનો જૂઠો વૈભવ ભૂલી શકે છે અને જીવન વ્યવહારો જૂઠા સંબધોથી, સંપત્તિથી, અપેક્ષા અને આકાંક્ષાઓથી ઉપરામ બની ઈશ્વર તરફ સેવાભાવથી ઉન્નતિ કરી શકશે. ઈન્દ્રજાળ - માયાજાળનો આધ્યાત્મિક મર્મ માનવીને સમજાય જાય તો પછી 'ઈન્દ્રજાળ - માયાજાળ' કોને કહીશું? એવો પ્રશ્ન રહેતો નથી. ઈશ્વરે ઊભી કરેલી વિરાટ સૃષ્ટિ કે પછી આપણે પોતે રચેલા વિચારોના વિશ્વને કે પછી દુર્યોધને રચેલી માયાનગરીની માયાજાળ. આ બધા પ્રશ્નોનો અંત આવશે અને આ પ્રશ્નના જવાબમાં જગત સત્યનો જવાબ મળી આવશે. સત્યમ્-શિવમ્-સુંદરમ્ જે સનાતન સત્ય છે. જે શિવ કલ્યાણકારી છે, જે સૃષ્ટિની સુંદરતાનો રચયિતા છે. એના ઈશ્વરીય જ્ઞાન તરફ આપણા અંતર ચક્ષુઓ હંમેશા મીટ માંડેલા રહે, ઈશ્વરીય ચિંતનમાં ડૂબેલા રહે ત્યારે જ આ માયાજાળની ગાંઠો છૂટતી જશે અને આપણે કર્મબંધનમાંથી પણ મુક્ત થતાં જઈશું.

મિત્રો ચાલો આપણે ઈચ્છીએ છીએ કે સાચી સુખ-શાંતિ ક્યાંથી મળશે? તેનો ઉત્તર એ છે કે આપણે જ બાંધેલી માયાજાળની ગાંઠોને ઈશ્વર ચિંતન દ્વારા ઉકેલવી પડશે અને તો જ સાચી સુખ શાંતિના દરવાજા આપણા માટે ખૂલતાં જશે. આપણે દરવાજા તરફ પાપા પગલી પાડતાં પહોંચી જઈએ. એવી શુભ ભાવના સાથે ....

॥ ઓમશાંતિ ॥

અતીતમાં જીવવાનું છોડો

બ્ર.કુ. ડૉ. તૃપ્તિ, શાંતિવન, આબુરોડ

કહેવામાં આવે છે કે ખુલી આંખોથી જોયેલાં સ્વપ્નો સાચાં હોય છે કારણ કે તે સ્વપ્નો આપણે વર્તમાનમાં રહેવા છતાં પોતાના તથા બીજાના ઉજ્જવળ ભવિષ્ય માટે જોઈએ છીએ.

વીતેલી પળ સ્વપ્ન સમાન છે

આપણી વીતેલી દરેક પળ સ્વપ્નની જેમ હોય છે. જેમ ઊંઘમાંથી ઉઠ્યા બાદ જોયેલાં સ્વપ્ન આપણે યાદ કરીએ છીએ. અને એનું વર્ણન પણ કરી શકીએ છીએ પરંતુ તેને બદલી શકતા નથી. બસ એ રીતે જીવનમાં બનેલી સારી ખોટી ઘટનાઓ આપણે વારંવાર યાદ કરીએ છીએ, એનું વર્ણન પણ કરીએ છીએ પરંતુ ઈચ્છવા છતાં તેમાં પરિવર્તન કરી શકતા નથી. આવી વ્યક્તિ જે પોતાની જિંદગીનાં પાછલાં પન્નાં બદલવામાં જ પોતાના વર્તમાનને ખર્ચી રહ્યો છે, નુકસાનનો શિકાર બની રહ્યો છે.

અતીતની બેડીઓથી છૂટીએ

ભગવાન કહે છે વીતેલી વાત પર પૂર્ણવિરામ મૂકી દો. એનું ચિંતન ના કરો. અતીતની ગલીઓમાં રમણ કરવાની આદત આપને અમૂલ્ય વર્તમાન સમયનો લાભ આપશે નહીં. વર્તમાન સમયે મળી રહેલી ખુશીઓ અને નવા અનુભવોથી વંચિત કરી દેશે. જેનો નકારાત્મક પ્રભાવ આપના ભવિષ્ય ઉપર પડશે. આમેય કહેવાય છે કે કાલ હોતી નથી. જે પળ છે તે આ પળ છે. જે આપણો વર્તમાન છે. હા આપણા જૂના અનુભવોમાંથી બોધપાઠ લઈને એનો ઉપયોગ વર્તમાનને સુખદ બનાવવામાં કરી શકીએ છીએ.

જૂની ચીજોમાં લગાવ

મનુષ્યનો સ્વભાવ એવો છે કે એને નવીનતા પસંદ છે. જેના અભાવમાં તે જીવનમાં નીરસતાનો અનુભવ કરે છે. પરંતુ સાથે જ એની જૂની વસ્તુઓથી ઘણો લગાવ થાય છે. આમ છતાં વ્યર્થ તો વ્યર્થ જ હોય છે. જે જૂની વાતો, દુઃખદ ઘટનાઓ અને યાદોમાંથી આપણે વર્તમાન સમય દુઃખ, નિરાશા, આત્મગ્લાનિ યા એના પ્રકારના અન્ય નકારાત્મક ભાવો સિવાય કંઈ મળતું નથી. એને વારંવાર યાદ કરવા એ બુદ્ધિમાની નથી.

બુદ્ધિરૂપી ફ્રિજ

આપણે જેટલી પણ મોંઘી, તાજી અને સ્વાદિષ્ટ શાકભાજી યા ફળ ફ્રિજમાં રાખી દઈએ અને સમય જતાં એનો ઉપયોગ ના કરીએ તો તે સડી જશે. એની દુર્ગંધ ચારે બાજુ ફેલાશે એથી આપણને તથા આસપાસના લોકોને પરેશાની થશે. આપણા બુદ્ધિરૂપી ફ્રિજમાં કોણ જાણે કેટલી જૂની સડેલી વાતો દુઃખદ ઘટનાઓ પડી રહેલી છે જેની દુર્ગંધ, અતીતનો પટારો ખોલીને જોવાથી આપણને પરેશાન કરી દે છે. આ નકારાત્મક ભાવોની દુર્ગંધ આપણા ભાવ સ્વભાવને દૂષિત કરે છે જેનો ખરાબ પ્રભાવ વર્તમાનના સંબંધ સંપર્ક પર પડે છે. જો કોઈની સાથે આપણો અનુભવ ખરાબ હોય તો વર્તમાન સમયે પણ તે વ્યક્તિથી સામનો થતાં આપણો વ્યવહાર એ નકારાત્મકતા થી યુક્ત હશે. કારણ કે આપણે પોતાના બુદ્ધિરૂપી ફ્રિજની સફાઈ કરતા નથી.

બુદ્ધિની સફાઈ

બુદ્ધિને સ્વચ્છ રાખવા માટે પોતાના વીતેલા

(અનુસંધાન પેજ નં. 09 પર)

ઈન્દ્રજાળ અને માયા જાળ

બ્ર.કુ. અનિલ, સુરત

ઘણા જાદુના ખેલ કરનાર જાદુગરો માયાનગરી ઊભી કરે છે અને માયાજાળના પ્રયોગો કરી પ્રેક્ષકોને ખુશ કરે છે. માયાજાળનો એક સાચો અર્થ એ પણ થાય છે કે માનવી પોતાના સંસારચક્રને ચલાવવા માટે પોતાની બુદ્ધિ - શક્તિની અનેક માયાજાળો રચે છે. જેવી કે સંપત્તિની માયાજાળ સાચા - જૂઠાં સંબંધોની માયાજાળ આકાંક્ષા અને અપેક્ષાઓની માયાજાળ ક્ષણભંગુર સુખોની જૂઠી માયાજાળ. કેટલાંક તો બીજાઓએ ગૂંથેલી માયાજાળને પોતાની બનાવી પોષી રહ્યા છે. પરિણામે આવી માયાજાળ જ તેઓનું સાચું વિશ્વ બની જાય છે.

ઈન્દ્રજાળ અચેતન મનની ઊપજ છે એમ કહેવું એના કરતાં ચેતન મનની ઊપજ છે એમ કહેવું વધુ સાચું છે. માનવીના ફળદ્રુપ ભેજામાં એક નહીં પણ અનેક ઈન્દ્રજાળો રચાય છે અને નાશ પામે છે. આપણે જાણીએ છીએ કે આ સાચું નથી છતાં તેની પાછળ દોડીએ. જૂઠાં ને સાચું માનવાનું આપણને ગમી ગયું છે. ઈન્દ્રજાળની - અસત્યની એ જીત છે. સમયનું સત્ય એ જીવનનું મહાન સત્ય છે. કાળનો છેદ ઉડાવીને આપણે કદી આગળ જઈ નહીં શકીએ. પણ આપણે તો આયુષ્યના એક બિંદુ પર ઊભા રહીને સુખનું આખું સ્વર્ગ માણી લેવું છે. તેને કારણે આવી માયાજાળોમાં આપણે રચ્યા-પચ્યા રહીએ છીએ.

આધ્યાત્મિક ભાષામાં માયાનો સાચો અર્થ એ છે આપણે સહુ મુખ્ય પાંચ વિકારોની જાળમાં ફસાયેલા છીએ અને એ પાંચ વિકારો એટલે કે કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર. જે માનવને રાત-દિવસ દુ:ખ અને અશાંતિમાં મૂકતો રહે છે. આવી માયાજાળ જેને ઈન્દ્રજાળ પણ કહેવામાં આવે છે. માનવીની ચેતનભાષા અને વ્યવહારમાં પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ રંગનો ઈન્દ્રિયો સતત સેવામાં હાજર રહે છે. પાંચ કર્મેન્દ્રિયો દ્વારા ઈન્દ્રિઓના આકર્ષણથી માનવી ક્ષણિક આનંદ પામે છે. જેના થકી માનવી દુ:ખ અનુભવે છે, પણ જ્ઞાનેન્દ્રિયો દ્વારા આ સાચી વાત સમજાય આ જીવન સત્ય સમજાય જાય તો જ કર્મેન્દ્રિયોના ક્ષણિક સુખના આનંદ તરફથી મન દૂર થાય છે. આની સાચી સમજ જ્ઞાનેન્દ્રિયો દ્વારા ઈશ્વરીય સત્સંગથી જ સંભવ છે. માનવીએ આત્મચિંતન કરીને પરમાત્માનું મનન ચિંતન કરવાની ખૂબ જરૂર છે.

કેટલાક માનવો ઘણીવાર ઘોંઘાટભર્યા જગતમાં એકલો-એકલો છે. પોતાને સમજનાર કોઈ નથી આવા સમયે તે આધારની ખીંટીઓ શોધતો ફરે છે. પણ દરેક વખતે એને સાચી ખીંટી હાથ લાગતી જ હોય એવું થોડું બનતું હોય છે? બીજું, આપણી માનવીઓની અડધી જિંદગી બુદ્ધિ અને હૃદયના ગજગ્રાહમાં જ આથમી જતી હોય છે. જો બુદ્ધિ અને હૃદયની સમતુલા સચવાતી હોય તો કર્મની અવળી દિશામાં પગલાં પડતાં જ નથી અને જો આપણને કર્મ - સત્યમાં શ્રધ્ધા હોય, તો પછી ઈન્દ્રજાળ - માયાજાળનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

જો આપણે આપણી ચેતન આત્મશક્તિનો વિચાર કરીએ તો આપણને જીવન સત્વનું દર્શન થશે. મનને સરહદોમાંથી છોડી દઈશું તો સત્વનો પરમસર્જક પરમાત્મા પ્રેમનો - પરમાત્મા શક્તિની

(અનુસંધાન પેજ નં. 19 પર)

દિવ્યદર્શન

જીવન પરિવર્તનની અદ્ભુત ચાવી - દૃષ્ટિકોણનું પરિવર્તન

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

મનુષ્યને ઈશ્વરની સર્વશ્રેષ્ઠ રચના કહેવામાં આવે છે. પરંતુ આ અદ્ભુત રચનાને એટલે કે મનુષ્યના શરીરને જો વિજ્ઞાન દ્વારા નિર્મિત આધુનિક તબીબો ઉપકરણોથી કોઈ વ્યક્તિ કે સંશોધક શરીરના અંદરના ભાગથી જોવાની શરૂઆત કરે, તો તેને શરીરમાં અનેક પ્રકારના જંતુઓ, જીવાણુઓ અને ગંદકી ભરેલી દેખાશે. વ્યવહારીકપણે વિચારીએ તો સંસારની આજે એવી તો કઈ ગંદકી છે, કે માનવ શરીરની અંદર નથી? છે આનો કોઈ જવાબ? સનાતન સત્ય તો એ છે કે, આ બધા કચરાને એક સરસ, રંગીન પ્લાસ્ટીકથી ઢાંકવામાં આવ્યો છે. જેને આપણે ચામડી કહીએ છીએ. જરા કલ્પના તો કરી જુઓ કે, જો આપણી સામે કોઈ ચામડી વગરની વ્યક્તિ આવીને ઉભી રહી જાય, તો શું આપણને તેના પ્રત્યે થોડું પણ આકર્ષણ થશે? મોટાભાગના લોકોનો જવાબ હશે 'ના'. કારણ કે આવી ચામડી વગરની વ્યક્તિને આપણે હજી સુધી કોઈ દિવસ જોઈ જ નથી. તેથી તે બધાને ખૂબ ડરામણી અને ભયાનક લાગે છે. માટે જ્યાં સુધી આપણી દૃષ્ટિ દેહ અને દૈહિક ક્રિયાઓમાંથી પરિવર્તિત નહીં થાય. ત્યાં સુધી આપણો દૃષ્ટિકોણ પણ પરિવર્તિત નહીં થાય, માટે જ કહેવતમાં એવું કહ્યું છે કે - 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'.

મનોવૈજ્ઞાનિકોના મત મુજબ, આપણી આંખો આ સૃષ્ટિ પર એટલે કે બાહ્ય જગતમાં જે કંઈ પણ જુએ છે, તેની એક સૂક્ષ્મ છાપ સર્વપ્રથમ રૂપમાં આપણા મન ઉપર પડે છે. જેને વૈજ્ઞાનિક ભાષામાં વિદ્યુત આવેગ કહેવાય છે. દાખલા તરીકે, આપણી સામે 4-5 વર્ષનું નિર્દોષ બાળક રમતાં આવે છે. તો સર્વપ્રથમ તે બાળકને જોતાંની સાથે જ આપણને ખ્યાલ આવી જાય છે કે તે બાળક છે કે બાળકી. હવે ખરેખર જોવા જઈએ તો, આપણી આંખો તો નાની છે. તેમ છતાં આપણી સામે ઉભેલી ઉચ્ચ કદની વ્યક્તિને આપણે સરળતાથી કઈ રીતે જોઈ શકીએ છીએ? આનો જવાબ છે, વિદ્યુત આવેગો દ્વારા. હાં જી, પાત્ર સામે આવતાં જ આપણા મન ઉપર એનું એક નાનું પ્રતિબિંબ પડે છે અને પછી એનો રંગ કેવો છે? તેનું રૂપ કેવું છે? તેના ચહેરાનાં હાવ-ભાવ કે લક્ષણો શું છે? તેની બનાવટ કેવી છે? તેનો આકાર કે પ્રકૃતિ કેવી છે? આવું સમગ્ર ચિત્ર થોડી પળોમાં જ મનમાં ચિત્રિત થઈ જાય છે. ત્યારબાદ આ શરીરને ચલાવનારી ચૈતન્ય શક્તિ કે સત્તા એટલે કે આપણો આત્મા આ બધાનું વિશ્લેષણની પ્રક્રિયામાં પરિવર્તન આવતું નથી, ત્યાં સુધી દૃષ્ટિમાં પણ પરિવર્તન આવતું નથી. કારણ કે બહારથી જે સંદેશ આવ્યો તે ઉદ્દીપન છે. તે સંદેશ મન પાસે પહોંચ્યા બાદ સામેથી એટલે કે મન પાસેથી જે પ્રતિક્રિયા આવે છે કે, આ વ્યક્તિ બાળક છે કે યુવાન છે? સ્ત્રી છે કે પુરુષ છે? ફલાણા સ્થાન ઉપર રહેનારી છે. આને મેં ઘણાં વર્ષો પહેલાં જોઈ હતી. આનું નામ આ છે. આ આખે આખો રેકોર્ડ આપણું મન અંદરો અંદર આંતરિક કોમ્પ્યુટર ખોલીને ચિત્રિત કરે છે. કારણ કે આ તો એક સમજવાની વાત છે કે, પેલી વ્યક્તિનું નામ અથવા તો પરિચય એના ચહેરા ઉપર તો લખાયેલા નથી હોતા. અપિતુ આપણા મનની અંદર અથવા આત્માની અંદર જે

આખો રેકોર્ડ (સ્મૃતિમાં) ભરેલો છે, એની ઉલટ ચકાસણી કરીને આત્મા તેને ઓળખવાનો પ્રયત્ન કરે છે. હવે આ અંદરની આંતરિક જે પ્રતિક્રિયા કે પ્રતિઉત્તર છે અથવા તો બહારનું જે ઉદ્દીપન છે. તેની પ્રતિક્રિયા કે પ્રતિઉત્તર તેને કઈ રીતે બદલીએ? આ પ્રતિક્રિયા કોના ઉપર નિર્ભર છે? આનો સાચો જવાબ છે- આપણી અંતઃદૃષ્ટિ. જેને અંગ્રેજીમાં 'ઈનસાઈટ્સ' કહેવાય છે. અતઃ જ્યાં સુધી મનુષ્યની અંતઃદૃષ્ટિ નહીં બદલાય. ત્યાં સુધી બાહ્ય દૃષ્ટિ પણ નહીં બદલાય અને જ્યાં સુધી દૃષ્ટિ નહીં બદલાય, ત્યાં સુધી દૃષ્ટિકોણ પણ નહીં બદલાય. ગીતામાં વર્ણવેલ છે કે, જ્યારે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે, 'નથી કોઈ મરતું અને નથી કોઈ મારતું, બધા જ નિમિત્ત માત્ર છે. બધાં પ્રાણી જન્મ પહેલાં શરીર વિના જ હતાં અને મૃત્યુ બાદ ફરી શરીર વિનાના જ થઈ જશે. આ તો વચ્ચે જ માત્ર શરીરવાળા દેખાય છે, તો પછી આમને માટે શોક શા માટે કરે છે?' ત્યારે અર્જુનના દૃષ્ટિકોણમાં પરિવર્તન આવ્યું અને તે ફરી પોતાના ધનુષ્યને ઉપાડીને ધર્મની સ્થાપના અર્થે યુદ્ધ કરી શક્યો. અતઃ જ્યારે પરમાત્મા દ્વારા આપવામાં આવેલું ઈશ્વરીય જ્ઞાન આપણી બુદ્ધિમાં ઊતરતું જાય છે એટલે કે અંદર ધારણ થતું જાય છે, ત્યારે આપણો દૃષ્ટિકોણ બદલાય છે. ત્યારબાદ પહેલું પરિવર્તન આપણી વૃત્તિમાં આવે છે. વૃત્તિને આધારે આપણી સ્મૃતિઓ બદલાય છે. સ્મૃતિ દ્વારા સ્થિતિમાં પરિવર્તન આવે છે. પરંતુ જો આપણે એવી આશા રાખીએ છીએ કે, આપણા જીવનમાં કાયમ સુખશાંતિ અને સમૃદ્ધિ નિરંતર રહે, તો એને માટે આપણે સૌ પ્રથમ સ્વયંની દૃષ્ટિ અને દૃષ્ટિકોણમાં સકારાત્મક પરિવર્તન ચોક્કસપણે લાવવું પડે.

ગીત - પરિવર્તન, પરિવર્તન, પરિવર્તન, જાગ ઉઠી હૈ શિવ કી શક્તિ....

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 23નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ

જાગત. મારે કંઈ જોયતું નહોતું એટલે કોઈને કંઈ કહ્યા વગર અહીં આવી ગયો છું. તમે પણ હું અહીં છું એવું કહેતા નહીં.

સાધુએ કહ્યું કે તમને સાધનોની આદત પડી જાય પછી એ છૂટતી નથી. એ સાધનો જ પછીથી દુઃખનું કારણ બની જાય છે. આપણી પાસે હોય તેનાથી વધુ સારા માટે આપણે ઝંખના રાખીએ છીએ. આપણી પાસે મોબાઈલ હોય તો પણ આપને તેથી વધુ સારો મોબાઈલ લેવાના વિચાર આવે છે. કાર પણ નવી લેવાનું મન થયા કરે છે. આપણે ક્યારેય એ વિચાર કરીએ છીએ કે, આપણી પાસે એવું કેટલું છે જેની આપણને જરૂર જ નથી. આપણે સંગ્રહખોરીમાં પણ અતિરેક કરવા લાગ્યા છીએ. આપણાં દુઃખનું કારણ એ નથી કે આપણી પાસે આપણા પૂરતું નથી. આપણા દુઃખનું કારણ એ છે કે આપણને આપણી જરૂરિયાત કરતાં વધુ જોઈએ છે. ઘરના ખૂણામાં પડ્યું રહેતો વાંધો નથી. પણ હોવું તો જોઈએ જ. આપણી પાસે એવી વસ્તુઓની કમી નથી જેનો આપણે એક બે વખત જ ઉપયોગ કર્યો હોય ઘણાં ઘરો તો ગોડાઉન જેવાં બની ગયાં હોય છે. રૂપિયા હોવાનો મતલબ એ નથી કે આપણે ગમે તે લઈ લઈએ? સાદાઈનું પણ એક અલૌકિક સૌંદર્ય હોય છે.

- ભ્રાતા કૃષ્ણકાન્ત ઉનડકટ

॥ ઓમશાંતિ ॥

- **અડોલતાના તખ્ત ઉપર બિરાજમાન થઈને, સાક્ષી દૃષ્ટા બની પાર્ટ બજાવનાર જ શ્રેષ્ઠ પાર્ટધારી છે.**

પરમાત્મ પ્રાપ્તિની અનુભૂતિ

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

આધ્યાત્મિક માર્ગના રાહીઓના મુખે આપણે ઘણીવાર ઈશ્વરીય પ્રાપ્તિ અથવા પરમાત્મ કૃપાની વાતોને સાંભળીએ છીએ ત્યારે મનમાં થાય છે કે આ તેમની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાભાવના કે વિશ્વાસને કારણે જીવનની સફળતાને પ્રભુની કૃપા સમજે છે અથવા પોતાના પુરુષાર્થનું પરિણામ સમજે છે. વાસ્તવમાં મનુષ્ય પોતાના કર્મને આધારે ભૂતકાળના કાર્યો કે અનેક જન્મના કર્મના ફળ સ્વરૂપે જ સફળતા કે નિષ્ફળતા મેળવતો હોય છે. વળી બાબાએ આપેલ ડ્રામાના જ્ઞાનના આધારે પણ જોઈએ તો દરેક વ્યક્તિ તેનો પાર્ટ ભજવે છે અને 5000 વર્ષ પછી તે રીપીટ કરે છે.

નિરાકારના પાર્ટને અને તેના કર્તવ્યને સમજવું અશક્ય નથી પરંતુ તેના માટે એક વિશેષ સમજની જરૂર છે. સ્થૂળ રીતે જોઈએ તો આપણા વર્તમાન કર્મો અને તેના પરિણામનો અનુભવ આપણે તરતજ અનુભવી અને સમજી શકીએ એવો હોય છે. દા.ત. વિદ્યાર્થી સારી રીતે ભણે અને સારા માર્ક્સ આવે, તમે કોઈને મદદ કરી હોય અને સામેની વ્યક્તિ તમને મદદ કરે, તમે ખૂબ મહેનત કરો અને પરિણામ સ્વરૂપે તમે સારું કમાવ. આ બધા પ્રાપ્તિના પ્રત્યક્ષ જોઈ શકાય તેવા પરિણામો છે. પરંતુ જીવનમાં સહજતાથી મળતી સફળતાને કે અસંભવને સંભવ થતા જોઈએ ત્યારે આપણને તેમા આપણા પૂર્વ જન્મના કર્મનું ફળ નહીં પરંતુ ઈશ્વરની કૃપા દેખાય છે જે મનુષ્યની આસ્થાનું કારણ હોય છે. છતાં આજના આ વૈજ્ઞાનિક યુગમાં આ વાત સર્વ સ્વીકાર્ય ન પણ હોય. માટે એવા કયા પ્રત્યક્ષ પ્રમાણ છે જેથી આપણે સ્વીકારી શકીએ કે આ પ્રભુ પ્રાપ્તિ કે કૃપા છે. જો તે ઈશ્વરીય કૃપા હોય તો તેને કયા આધારે સમજી શકાય. જો આ વાતનું સ્વષ્ટીકરણ મળી જાય તો આપણો ઈશ્વરીય સંબંધ, પરમાત્મા પ્રત્યેની પ્રીત વધુ મજબૂત બને અને તો આપણે તેને યાદ કરવા ન પડે પરંતુ સહજ યાદ રહે, ભૂલવું અશક્ય બને સદા સાકારમાં જ અનુભવાય. જે આપણે સ્થૂળ કર્મેન્દ્રિયોથી પણ સમજી શકીએ. અહીંયા આપણું ધ્યાન આપણા જોવા પર, સાંભળવા પર, સ્થૂળ કર્મ પર કે વિચાર પર રાખવું જરૂરી છે. ક્યારેક આપણા બોલ પણ આપણને એ વાતનો અહેસાસ કરાવે છે.

આપણે એક રોજબરોજના કાર્ય માટે સામાન્ય રીતે કાર્ય કરતા હોય અને જ્યારે આધ્યાત્મિક પુરુષાર્થ કરતા હોઈએ છીએ ત્યારે આપણા જોવામાં, સાંભળવામાં, કર્મમાં વિચારવામાં જે ઘટનાઓ બને છે ત્યાં ધ્યાન કેન્દ્રિત કરીશું તો આપણને તરત જ આપણી પ્રાપ્તિ આપણા કર્મને આધારે છે કે ઈશ્વરની કૃપાને આધારે છે તે સમજાઈ જાય છે. ત્યારે બેહદ ખુશી અને સુખનો અનુભવ થાય છે. આ વાતને આપણે એક ઉદાહરણથી સમજીશું.

સમજો તમે પૂરા નિશ્ચય અને વિશ્વાસથી પરમાત્માને યાદ કરો છો. તમારી કોઈ માંગણી નથી પરંતુ એ જ સમયમાં તમે તમારું નવું મકાન બનાવવાનું કાર્ય હાથમાં લો છો, હવે તમે તમારી જોવાની સાંભળવાની, કર્મની, વિચારવાની પ્રક્રિયા પર ધ્યાન રાખો છો. તમારા જોવામાં, સાંભળવામાં, વિચારોમાં એવી વાતો આવે છે જે તમારા મકાન બનાવવાના કાર્યમાં ખૂબ જરૂરી હોય છે જે ને લઈને તમારું કાર્ય ખૂબ જ સરળ બને

છે. એટલું જ નહીં શ્રેષ્ઠ બને છે. એ પણ ઓછા પ્રયત્ને અને ઓછા ખર્ચમાં. આ જ એ પ્રત્યક્ષ પ્રમાણ છે. ઈશ્વરની મદદનું તેની કૃપાનું. જે કાર્ય માટે ઘણા પ્રયત્ન કરવા છતાં આ પહેલા શક્ય બન્યુ ન હતું.

તમારા દ્વારા નિમિત કાર્ય યોગ્ય નહીં હોય તો તમારા જોવામાં, સાંભળવામાં, વિચારમાં કે કર્મમાં એવી કોઈ વાત નહીં આવે અને એ કાર્યમાં સફળતા નહીં મળે. ત્યારે માત્ર તમારા પ્રયત્ન હશે અને તેમાં તમે સફળ નહીં થવાય જેમાં તમારું કલ્યાણ જ સમાયેલું હશે અને આ પણ તમને જ્યારે સમજાશે ત્યારે લાગશે કે આ ઈશ્વરની કૃપા હતી. તમારા પ્રયત્નથી જો એ કાર્ય પૂર્ણ થશે તો પણ એનાથી તમને ખુશી અને સુખ નહીં મળે.

આમ ભૂતકાળ કે ભવિષ્યની વાતોમાં ઊંડા નહીં ઊતરીને માત્ર વર્તમાનમાં જ જો પુરુષાર્થ કરી ઈશ્વરીય પ્રાપ્તિનો આનંદ લેશો તો આવનારો સમય તમારા માટે શ્રેષ્ઠ જ હશે. કારણ કે આજ જ ગઈકાલ હતી અને આજ જ આવતી કાલ બનવાની છે. માટે માત્ર આજે જ પુરુષાર્થ કરી વર્તમાન સંગમયુગમાં જ સ્વર્ગીય સુખ માણો ભવિષ્ય તો ઉજ્જવળ છે જ.

દિલની સચ્ચાઈ-સફાઈ, કલ્યાણની વૃત્તિ અને નિસ્વાર્થ ભાવે જ્યારે પરમાત્માને યાદ કરીએ છીએ ત્યારે પરમાત્મા આપણને તેનું ઈન્સ્ટ્રુમેન્ટ બનાવે છે. ત્યારે સ્વના અને સર્વના કલ્યાણ માટે તમે નિમિત્ત બનો છો. ભાગ્યશાળી બનો છો. તમારા દ્વારા અનેકાનેક લોકોનું કલ્યાણ થાય છે. તમારા બોલ વરદાન બને છે. તમારી દૃષ્ટિ ઊપકારી બને છે. તમારું દરેક કર્મ દિવ્ય બને છે.

દાદી જાનકીજી કહેતાં હું કોઈના પ્રભાવમાં લગાવમાં દબાવમાં કે અભાવમાં નથી આવતી. મારો ઝુકાવ કોઈ એક વ્યક્તિ વિશેષ પ્રતિ નથી હોતો. બાબાનો સ્વભાવ એ જ મારો સ્વભાવ પ્રત્યેક આત્માની વિશેષતા એ બાબાએ આપેલી ગીફ્ટ છે. કરાવનહાર બાબા છે. જે બાબાની નજીક છે. સમીપ છે. તેના દ્વારા બાબા કાર્ય કરાવે છે. સચ્ચે દિલ પર સાહબ રાજી. હું લાયક બનું બાબા મને કોઈપણ રીતે નિમિત્ત બનાવશે. મારા દ્વારા સેવા કરાવશે. હું બાબાની કૃપાને પાત્ર બનીશ. જીવનમાં ખુશી મળશે. આપણા પર કોનો ઉપકાર છે એ વાત જ્યારે આપણને સમજાઈ જાય છે ત્યારે આપણે તેની આજ્ઞાઓ ઉપર ચાલવા માંડીએ છીએ. તેની શ્રીમતને શિરોમાન્ય ગણીએ છીએ. આપણો નિશ્ચય દૃઢ બને છે. આપણે એક બળ એક ભરોસે જીવનને પ્રફુલ્લિત કરી પ્રસન્નતાનો અનુભવ કરીએ છીએ.

॥ ઓમશાંતિ ॥

- **સર્વના પ્રત્યે દયાભાવ અને કૃપાદૃષ્ટિ રાખનાર જ મહાન આત્મા છે.**
- **સ્વયંને દરેક પરિસ્થિતિમાં મોલ્ડ (પરિવર્તન) કરનાર જ સાચા ગોલ્ડ (સોના જેવા) છે.**

(પેજ નં. 15નું અનુસંધાન)... વિચારવાની કળા છે. જો કંઈ ખામી હોય તો જ્ઞાનના આધારે તેનું પરિવર્તન કરો.

શ્રેષ્ઠ સંકલ્પ નરકને સ્વર્ગ અને માનવને દેવ બનાવી દે છે. શ્રેષ્ઠ જીવનનો આધાર શ્રેષ્ઠ કર્મ અને શ્રેષ્ઠ કર્મનો આધાર શ્રેષ્ઠ કર્મ છે. કહેવાયું છે કે 'सोच को बदल दो तो सितारे बदल जायेंगे, किश्ती बदलने की जरूरत नहीं तुम्हे, दिशाको बदलोगे तो किनारे बदल जायेंगे।'

॥ ઓમશાંતિ ॥

પ્રસંગ પરિમલ

બુરાઈ મૂળમાંથી સમાપ્ત કરો

કોઈ નગરમાં એક આદમી રહેતો હતો. એના આંગણામાં એક વૃક્ષ ઉગ્યું. કેટલાક દિવસો પછી તે મોટું થયું અને એના ઉપર ફળ લાગવા લાગ્યાં. એકવાર એક ફળ પાકું થઈને નીચે પડ્યું. એ ફળને એક કૂતરાએ ખાધું. જેવું કૂતરાએ ફળ ખાધું એનો જીવ ચાલ્યો ગયો. આદમી એ વિચાર્યું કોઈ વાત હશે, તેથી કૂતરો મરી ગયો. પણ એણે વૃક્ષના ફળ પર ધ્યાન આપ્યું નહીં. કેટલાક સમય પછી એક છોકરો ત્યાંથી નીકળ્યો ફળ જોઈને એના મનમાં લાલચ આવી ગઈ અને એણે ગમે તે રીતે ફળ તોડીને ખાઈ લીધું. તે પણ મરી ગયો. મરેલા છોકરાને જોઈને આદમીની સમજમાં આવ્યું કે આ ઝેરી વૃક્ષ છે. એણે કુહાડી લીધી અને વૃક્ષનાં બધાં ફળ કાપી દીધાં. થોડા દિવસ પછી વૃક્ષમાં ફળ લાગી ગયાં પરંતુ આ વખતે પહેલી વાર કરતાં મોટાં ફળ હતાં. આદમીએ પાછી કુહાડી લઈને ફળની સાથે તેની ડાળીઓને પણ કાપી દીધી. પરંતુ કેટલાક દિવસ પછી વૃક્ષ ફળોથી લદાઈ ગયું. હવે આદમીની સમજણમાં કંઈ ના આવ્યું. તે પરેશાન થઈ ગયો. ત્યારે એના પડોસીએ એને જોયો અને એની પરેશાનીનું કારણ પૂછ્યું આદમીએ બધી વાત કહી દીધી.

આ સર્વ સાંભળીને પડોસીએ કહ્યું, તમે વૃક્ષની ડાળીઓ કાપી પણ તમારી સમજમાં નહીં આવ્યું કે જ્યાં સુધી વૃક્ષનાં મૂળિયાં હશે ત્યાં સુધી વૃક્ષ રહેશે અને એમાં ફળ આવ્યા કરશે. જો તમે તેમાંથી છૂટકારો મેળવવા ઈચ્છો છો તો એનાં મૂળિયા કાપો ત્યારે આદમીની સમજમાં આવ્યું કે બુરાઈને ઉપરની કાપકૂપથી તે દૂર થશે નહીં. એને તો એના મૂળિયામાંથી જ દૂર કરવી પડશે. એણે કુહાડી લઈને વૃક્ષનાં મૂળિયાં કાપી દીધાં અને હંમેશા ચિંતામુક્ત થઈ ગયો. એ રીતે બૂરાઈનું મૂળ આપણા મનમાં છે. જ્યાં સુધી મૂળને નષ્ટ કરવામાં નહીં આવે ત્યાં સુધી મનુષ્યને ઝેરી બનાવનાર ફળ ખાતા રહીશું.

ગુરુમહિમા

એક વખતની વાત છે. એક સંત હતા. જેઓ ઘણી સાધારણ રીતે પોતાનો જીવન નિર્વાહ કરતા હતા પણ તેઓ બહુ ઉચ્ચ કોટિના હતા. એમની પાસે 8 શિષ્યો રહેતા હતા. એમાંથી એક શિષ્ય એમણે બતાવેલા રસ્તા પર ચાલતો હતો. સંત એ શિષ્યને બહુ જ પ્રેમથી રાખતા હતા. ધીરે ધીરે શિષ્યની ખ્યાતિ વધવા લાગી. અને બધા લોકો એનું ઉદાહરણ આપીને કહેતા હતા શિષ્ય હોય તો આવા અને આ સર્વથી સંત બહુ ખુશ રહેતા હતા. એક દિવસે શિષ્યે સંતને કહ્યું કે હું કેટલોક સમય એકાંતમાં ભક્તિ કરવા ઈચ્છું છું. તો સંતે કહ્યું તમે અહીં રહીને પણ ભક્તિ કરી શકો છો. પછી તેમને યોગ્ય લાગે તે ખરું શિષ્યે ગુરુ પાસેથી રજા મેળવી અને જંગલ તરફ એકાંતમાં ચાલ્યા ગયા.

લગભગ દસ વર્ષ પછી તે શિષ્ય પોતાના ગુરુ પાસે મળવા આવ્યો. સૌને ખબર પડતાં ભીડ એકઠી થવા લાગી અને શિષ્યની ખૂબ પ્રશંસા થઈ અને બધાં એની ચર્ચા કરી રહ્યાં હતાં. સંત પણ પોતાના પ્રિય શિષ્યને મળીને ખુશ હતા. એ શિષ્યે કેટલાક અદ્દ્ભુત ચમત્કારો કર્યા તો તે પ્રચલિત થઈ ગયો. સર્વ જગ્યાએ શિષ્યની ચર્ચા થવા લાગી. દૂર દૂરથી લોકો એમને મળવા આવવા લાગ્યા. આ બાજુ સંતને ચિંતા સતાવવા લાગી. એક દિવસ ગુરુ

અને શિષ્યોને પાસેના એક ગામમાં જવાનું હતું. રસ્તામાં નદી આવતી હતી. એ નદીને પાર કરવા માટે નાવમાં બેસીને જવું પડતું. ગુરુ અને શિષ્યો નાવની રાહ જોઈને ઊભા હતા. અને તે ગામના પણ ઘણા લોકો હતા. એ શિષ્યે ગુરુને કહ્યું કે આપણે પાણી ઉપર ચાલીને નદી પાર કરીએ. એ સાંભળીને ગુરુએ કહ્યું પાણી ઉપર કેવી રીતે ચાલી શકાય. ડૂબી જવાય. એટલામાં શિષ્ય પાણી તરફ ગયો અને પાણી ઉપર ચાલવા લાગ્યો. એણે સર્વને કહ્યું તમે પણ આવી જાઓ. પણ કોઈની હિંમત ચાલી નહીં. શિષ્યને પાણી ઉપર ચાલતો જોઈ સૌ આશ્ચર્ય ચકિત થઈ ગયા. શિષ્યની વાહવાહ થવા લાગી. સર્વ શિષ્યોએ પોતાના ગુરુની ચિંતા મોં ઉપરથી વાંચી લીધી. જ્યારે પાછા પોતાની કુટિરમાં આવી ગયા તો શિષ્યોએ ગુરુને કહ્યું. આપના શિષ્યે નામ રોશન કરી દીધું અને આપ ખુશમાં દેખાતા નથી. એટલામાં તે શિષ્ય પણ ત્યાં આવી ગયો. બોલ્યો ગુરુવર મારાથી કોઈ ભૂલ થઈ છે તો મને બતાવો. ગુરુએ કહ્યું કે કોઈ ભૂલ નથી. શિષ્ય બોલ્યો યા તો મારી પ્રસિદ્ધિથી આપને કોઈ પરેશાની થઈ છે. કારણ કે આપના ચહેરાની ઝલક બતાવે છે કે તમે પરેશાન છો.

સંતે કહ્યું હું બોલવા ઈચ્છતો નહોતો પણ તમે આમ કહીને મને મજબૂર કરી દીધો. સંતે શિષ્યને કહ્યું તમે પાણી ઉપર ચાલીને નદી પાર કરી તે ઘણી મોંઘી પડી. શિષ્ય બોલ્યો કઈ રીતે મેં તો નદી ફ્રીમાં પાર કરી અને મને ઈજ્જત મળી. ગુરુએ હસીને કહ્યું જે માત્ર પાંચ રૂપિયામાં પાર કરી શકાતી હતી એના માટે તમે પોતાની દસ વર્ષની ભક્તિ આ ચીજમાં લગાવી દીધી. તમે નાનકડી સિદ્ધિ માટે દસ વર્ષની ભક્તિ આ કાર્યમાં લગાવી દીધી. તમે નાનકડી સિદ્ધિ પાછળ આજ સુધીના તપ-ત્યાગનું બરબાદ કરી દીધાં. પોતાની ભક્તિનો સોદો કરી લીધો અને ઈશ્વર મિલનનો રસ્તો બંધ કરી દીધો.

આ સાંભળીને શિષ્ય ગુરુના ચરણોમાં પડી પોક મૂકીને રડવા લાગ્યો. ગુરુને એના પર દયા આવી ગઈ. એમણે શિષ્યને પોતાની પાસે રાખ્યો પણ તે પોતાના જીવનનો અમૂલ્ય સમય અને તપસ્યાને ખોઈ ચૂક્યો હતો.

અલૌકિક સૌંદર્ય

એક સાધુ હતો. ગામ છોડીને એણે જંગલમાં એક ઝૂંપડી બાંધી હતા. પોતાની મસ્તીમાં તે આરામથી જીવતો હતો. ધીમે ધીમે એ સાધુની લોકપ્રિયતા વધવા લાગી. ગામના લોકો એને મળવા એની સાથે વાતો કરવા, એમની સલાહ લેવા અને એમનાં દર્શન કરવા આવવા લાગ્યા. સાધુ બધા સાથે પ્રેમથી વાત કરે. સાધુની ઝૂંપડી જોઈને લોકો એવું કહેવા લાગ્યા કે, તેમને અહીં સરસ મકાન બનાવી દઈએ. કોઈ વળી એમના માટે કાર મૂકી ગયું. દિવસે દિવસે સગવડો વધતી ગઈ. બધા ભક્તોએ એક દિવસ સવારે જોયું તો ખબર પડી કે સાધુ તો ગુમ છે! એમનો કોઈ અતોપતો નથી. સાધુ પોતાની સાથે કંઈ લઈ ગયા નહોતા. બહુ તપાસ કરી છતાં સાધુનો કોઈ પતો ન લાગ્યો. ઘણો સમય વીતી ગયો. ગામનો એક માણસ જંગલમાં દૂર ફરવા ગયો. જંગલમાં તેણે એક ઝૂંપડી જોઈ. ઝૂંપડીમાં જોયું તો પેલા સાધુ આરામથી બેઠાં હતા. સાધુ પાસે જઈને પૂછ્યું કે તમે અહીંયા? સાધુએ બહુ પ્રેમથી જવાબ આપ્યો કે, હું તો મારી મસ્તીમાં રહેવા માટે જ ગામ છોડીને જંગલમાં ગયો હતો. જંગલમાં લોકો આવવા માંડ્યા. ધીમે ધીમે સાધન-સગવડોની વાતો કરવા લાગ્યા. એ લોકોનું ચાલત તો ત્યાં મોટો આશ્રમ ખડો કરી દેત. એ બધું જોઈને મને પણ મોહ

(અનુસંધાન પેજ નં. 23 પર)

ગુજરાતી ગોડલીવુડ સ્ટુડીયો દ્વારા નવો ઉપહાર

બ્ર.કુ. હરિલાલ ભાનુશાલી, ગોડલીવુડ સ્ટુડીયો, શાંતિવન, આબુરોડ

સર્વ નિમિત્ત બહેનો, બ્રાહ્મણ કુલભૂષણ ભાઈઓ-બહેનો તથા પ્રિય વાચકો,

જાન્યુઆરી, 2021 નવા વર્ષની ગોડલીવુડ સ્ટુડીયો તરફથી હાર્દિક શુભકામનાઓ. આપ સર્વેને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે, બ્રહ્માકુમારીના **'શાંતિવન'** મુખ્યાલય ખાતે આવેલ ગોડલીવુડ સ્ટુડીયો તરફથી ગુજરાતી ભાઈ-બહેનોની સેવા માટે **'ગુજરાતી ગોડલીવુડ'** નામની **'યુ ટ્યુબ ચેનલ'** શરૂ કરવામાં આવી છે.

આ ચેનલ અંતર્ગત ગોડલીવુડ સ્ટુડીયો તરફથી ગુજરાતની સંસ્કૃતિને આધારિત મ્યુઝીક પ્રોગ્રામ, ડાન્સ પ્રોગ્રામ, વિવિધ વિષયો પર ચર્ચાઓ (ટોક શો), દરરોજની મુરલી, દરરોજનો સુવિચાર તથા ગુજરાતના સિનીયર ભાઈ-બહેનોના પ્રવચનો, જુદા-જુદાં તહેવારોના રહસ્યો, જેવાં વિવિધ પ્રકારના વેરાયટી કાર્યક્રમો આપ આ ચેનલ પર મૂકેલ છે. જે આપ જોઈ શકો છો તથા અત્યારે બીજા નવા કાર્યક્રમો પણ તૈયાર થઈ રહ્યા છે, જે ઝડપથી ચેનલ પર આવી જશે.

લક્ષ્ય અને ઉદ્દેશ્ય

આપણા ગૌરવવંતી ગુજરાતની સેવાઓ હેતુ, બાપદાદાની પ્રત્યક્ષતા માટે તથા વિશ્વના અનેક દેશ-વિદેશમાં વસતાં અન્ય ગુજરાતી ભાઈ-બહેનોની વિશેષ સેવા અર્થે આ ચેનલ ખાસ ચાલુ કરવામાં આવેલ છે.

ગુજરાતી ગોડલીવુડ યુ ટ્યુબ ચેનલની સેવા માટે

ગુજરાતનાં સર્વ સેવાકેન્દ્રોની ઈન્ચાર્જ બહેનો, સાથી બહેનો, ગીતાપાઠશાળાઓનાં ભાઈ-બહેનો તથા સર્વ બ્રાહ્મણ કુલભુષણ ભાઈ-બહેનોને ખાસ નમ્ર વિનંતી છે કે, સૌ પ્રથમ આપ 'ગુજરાતી ગોડલીવુડ' (ચેનલની લીંક https://www.youtube.com/c/BrahmaKumarisGujaratiGodlywood ઓપન કરી)ને ચેનલને અવશ્ય સબસ્ક્રાઈબ કરો, લાઈક કરો. આપેલ લીંક પરના જુદા-જુદા કાર્યક્રમો બી.કે. ભાઈ-બહેનો અને આપ સૌના વ્યક્તિગત સંબંધ સંપર્કના આત્માઓની સેવા માટે વોટ્સઅપ ગ્રુપ અને સોશીયલ (ફેસબુક, ઈન્ટાગ્રામ, ટ્વીટર) પર જરૂરથી શેર કરશો.

અત્યારની વર્તમાન પરિસ્થિતિમાં આપણે બહાર જઈને સેવાઓ કરી શકીએ તેમ નથી. તો બાબાએ આપણને સેવા માટે આ નવું સાધન 'ગુજરાતી ગોડલીવુડ યુ ટ્યુબ ચેનલ' આપેલ છે તો આ નવી યુ ટ્યુબ ચેનલરૂપી સેવાના સાધનનો ભરપૂર ફાયદો લઈએ. આપ સૌ આ માહિતી વધુમાં વધુ બ્રાહ્મણ બાળકો, નોન બી.કે. લોકોને પણ મોકલી (ફોરવર્ડ કરી) તેમની સેવા જરૂર કરશો. આ સંગમયુગના સમાપનના એપીસોડના સમયે આપણને મળેલ અનમોલ સેવાઓના પાર્ટને અવસર સમજી પરમાત્માએ આપેલી ગોલ્ડન તકને જરૂર ઝડપી લઈ સ્વયંનું ભાગ્ય બનાવી લેશો. અભી નહીં તો કભી નહી.

જે સેવાકેન્દ્રનું ફેઈસબુક કે ટ્વીટર એકાઉન્ટ હોય કે આપ સૌ વાચકો જો તમારુ વ્યક્તિગત ફેઈસબુક કે ટ્વીટર એકાઉન્ટ હોય તો તમે અચુક આજે જ ગોડલીવુડ સ્ટુડીયોના ગુજરાતી ડિપાર્ટમેન્ટનો
(Mobile No. : 94141 55104, 70149 86606,

Email : bkdarshan@gmail.com પર) સંપર્ક કરી તેમની સાથે શેર કરશો. તેથી નીત નવીન રોજની અપડેટેડ માહિતી તમને ગુજરાતી ડિપાર્ટમેન્ટ દ્વારા ડાયરેક્ટ મળી શકે.

'ગુજરાતી ગોડલીવુડ' યુ ટ્યુબ ચેનલ દ્વારા સેવાઓની વૃદ્ધિ માટે તમારો સાથ-સહકાર અને સહયોગ કરવા અંગે

● આદરણીય રમેશભાઈની શુભપ્રેરણાથી ગોડલીવુડ સ્ટુડીયો ટેલીવીઝન અને ડીજીટલ સેવાઓ માટે તૈયાર કરેલ છે. તેનો પૂરેપૂરો ઉપયોગ થાય તે આપણા સૌની એક જવાબદારી છે. સ્ટુડીયો દ્વારા તૈયાર થતાં વિવિધ કાર્યક્રમોને જન-જન સુધી પહોંચાડવાની સેવા હેતુ આપના સેવાકેન્દ્ર પર સોશીયલ મીડીયાના જાણકાર કોઈપણ ભાઈઓ, બહેનો, કુમારીઓ કે જેઓ ફેસબુક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ હેન્ડલ કરી શકતાં હોય તેઓ ઘરે રહીને પણ ગોડલીવુડ સ્ટુડીયોની નવી નવી સેવાઓમાં સહભાગી થઈ શકે છે. તે માટે ગોડલીવુડ સ્ટુડીયો ગુજરાતી ડિપાર્ટમેન્ટમાં આ સાથે ઉપર આપેલ નંબર પર સંપર્ક જરૂર કરશો.

● આપના સેવાકેન્દ્ર પર અથવા આપના સંબંધ સંપર્કમાં એવા ભાઈ-બહેનો, માતાઓ, કુમારીઓ, કુમાર કે જેઓ સારું બોલી શકતા હોય, કોઈ વિષયના નિષ્ણાત હોય કે જાણકાર હોય, કોઈ સારા વક્તા હોય, પ્રોગ્રામનું સંચાલન કરી શકતા હોય, કે જેઓ એન્કર તરીકેની સેવાઓ આપી શકે. જેમની પાસે કોઈ વિશેષ કળા અથવા વિશેષતા હોય જેમ કે, ગીત કે કવિતા લખવાની કે ગાવાની, શેર-શાયરી ગાઈ શકતા હોય, મ્યુઝીક કંપોઝ કરી શકતા હોય, કોઈ સંદેશો આપતી, નાની-નાની બોધવાર્તાઓ, મૂલ્યલક્ષી કહાનીઓ લકી શકતાં કે બોલી શકતાં હોય, કોઈ કાર્યક્રમની ભૂમિકા લખી શકે તેવા અનુભવી કે નિષ્ણાત, સંગીતના વાંજીત્રો કે વાદ્યો (સાધનો) સારી રીતે વગાડી શકતા હોય, નાના-નાના બાળકોમાં કોઈપણ પ્રકારની ખાસ વિશેષતાઓ હોય (જેમ કે નૃત્ય, સંગીત, જાદુ, બોલવું, ગીત ગાવું કે અન્ય) આપના સંપર્કમાં જો કોઈ પ્રોફેશનલ કલાકારો કે ડાન્સગ્રુપ હોય અથવા નૃત્ય કે સંગીતના કલાકારોની કોઈ સંસ્થા હોય અને તેઓ ચેનલમાં સેવા આપી શકે તો તેમને ગુજરાતી ચેનલ સહર્ષ આવકાર આપે છે. તેમને ચોક્કસ યોગ્ય પ્લેટફોર્મ અવશ્ય મળશે.

● વર્તમાન સમયે ખાસ યુવા અને અન્ય ભાઈ-બહેનો પોતાનું ફેઈસબુક, ટ્વીટર એકાઉન્ટ રાખે છે અને સતત તેના દ્વારા સૌના સંપર્ક રહેતા હોય છે. તો આપને ત્યાં ક્લાસમાં આવતા ભાઈ-બહેનો કે તેમના લૌકિક પરિવારના દીકરા, દીકરીઓ, પુત્રવધૂ કે જમાઈ, મિત્રવર્તુળમાં જો કોઈ સોશીયલ મીડીયા એકાઉન્ટ ધરાવતાં હોય તો, તેમનું નામ, મોબાઈલ નંબર, ઈ-મેઈલ જેમ બને તેમ ઝડપથી ગુજરાતી ડિપાર્ટમેન્ટને (ઉપર જણાવેલ ઈ-મેઈલ પર મોકલશો) જણાવશો. તેથી તેમને તેમનાં સોશીયલ મીડીયા એકાઉન્ટ પર માહિતી ગોડલીવુડ સ્ટુડીયોથી શેર કરવામાં આવશે.

● આ સાથે QR Code છે. જેને આપ મોબાઈલથી Scan કરશો તો તેની સાથે ગુજરાતી ગોડલીવુડ ચેનલ સરળતાથી ખુલી જશે. અથવા તમે આ સાથે આપેલ લીંક (https://youtube.com/c/BrahmaKumarisGujaratiGodlywood) લખી / ટાઈપ કરીને પણ ચેનલ ખોલી જોઈ શકશો.

(અનુસંધાન પેજ નં. 34 પર)

'જ્ઞાનામૃત'ની વિકાસયાત્રા

43 વર્ષની સંપાદકીય યાત્રા

અલ્લાહની નગરી અમદાવાદમાં મીઠા મીઠા બ્રહ્માબાબાએ યજ્ઞના તરફથી 2/બી, પ્રભુપાર્ક સોસાયટી, પાલડી, અમદાવાદ-7માં સેવાકેન્દ્રની સ્થાપના કરી. આ સેન્ટરમાં રાજયોગિની દાદી જાનકી, રાજયોગિની સરલાદીદી, રાજયોગિની દમયંતીદીદી સેવા આપતાં હતાં. મુંબઈથી રાજયોગી રમેશભાઈ ઉષાબેન આવીને સેવાકેન્દ્રના વિકાસમાં ફાળો આપતાં હતાં.

અમદાવાદનું પ્રથમ સેવાકેન્દ્ર પાલડીનું હતું. સેવાકેન્દ્રમાં નારણપુરાથી મોટાભાઈ (બ્ર.કુ. શંકરભાઈ) બ્ર.કુ. ઈન્દુબેન ડાભી, બ્ર.કુ. લલિતભાઈ ચોક્સી તથા તેમના યુગલ કપિલાબેન ચોક્સી વગેરે આવતાં હતા.

બીજું સેન્ટર નારણપુરા ચાર રસ્તા પાસેથી અમરનાથ સોસાયટીમાં ભાડેથી શરૂ થયું. આ સમયે બ્ર.કુ. વેદાંતીબેન સેવા આપતાં હતા. ઈશ્વરીય પરિવારના સૌ સભ્યોએ વિચાર્યું કે જો મેગેઝિન શરૂ કરવામાં આવે તો જનજનને ઈશ્વરીય સંદેશ મળે.

ત્યારપછી મેગેઝિનના તંત્રીની શોધ થઈ શંકરભાઈના પરિવારમાં બ્ર.કુ. પ્રો. કેશુભાઈ નારણભાઈ પટેલ ઘીકાંટા પાસે આવેલી કોલેજમાં અધ્યાપન કરાવતા હતા. તેમની અંગ્રેજી અને ભિન્ન ભિન્ન ભાષા વિષય પર પક્કડ હતી. વિદ્વાન હતા. સ્વભાવે ધીરગંભીર પ્રકૃતિના હતા.

આમ જાન્યુઆરી, 1972થી એમણે ખૂબ સેવા કરી. ત્યાર પછી પારિવારિક અને શૈક્ષણિક વ્યસ્તતાથી એપ્રિલ, 1978માં તંત્રી પદ છોડ્યું.

એપ્રિલ, 1978માં અમદાવાદમાં નારણપુરા વિસ્તારના મનીષ ફ્લેટ, અંકુર રોડ સેવાકેન્દ્ર પર ગુજરાત ઝોનની મીટીંગ હતી. જેમાં ગુજરાત ઝોન ડાયરેક્ટર રાજયોગિની સરલાદીદી, સર્વ સબઝોન સંચાલિકા બ્રહ્માકુમારી બહેનો, પીઢ, અનુભવી બ્રહ્માવત્સો - ભાઈઓ ઉપસ્થિત હતાં. જેમાં વિશેષરૂપે મુંબઈથી રાજયોગી રમેશભાઈ શાહ પણ ઉપસ્થિત હતા.

મીટીંગના એજન્ડામાં એક એજન્ડા 'જ્ઞાનામૃત'ના સંપાદકની નિમણૂંક કરવાનો હતો. તે વખતે મને જ્ઞાનમાં આવ્યે પાંચ વર્ષ થયાં હતાં. ભિન્ન ભિન્ન સેવાઓ હું બ્રહ્માકુમાર મોહનભાઈ સિંઘલ સાથે રહીને કરતો હતો. તેથી એકબીજાને ઘેર મળવાનું થતું. બ્ર.કુ. મોહનભાઈને મારા લેખનકાર્ય વિશે જાણ હતી. ભિન્ન ભિન્ન સામયિકો, દૈનિકોમાં છપાયેલી મારી કૃતિઓ તેમણે જોઈ હતી.

બ્ર.કુ. મોહનભાઈએ 'જ્ઞાનામૃત'ના સંપાદક તરીકે મારા નામની દરખાસ્ત મૂકી. મીટીંગના સભ્યોએ રાજયોગિની ચંદ્રિકાબહેનને મારા વિશે જણાવવા કહ્યું. તેમણે સુંદર પ્રતિભાવ આપ્યો. આમ 'જ્ઞાનામૃત'ના સંપાદક તરીકે મારી પસંદગી થઈ.

બ્ર.કુ. રમેશભાઈએ કહ્યું, 'કોઈ લેખ નહીં આવે, કોઈનો સહયોગ નહીં મળે, છતાં પણ તમે નિયમિત 'જ્ઞાનામૃત' પ્રકાશિત કરી શકશો?' બાબાની યાદમાં રહીને મેં હા પાડી.

'જ્ઞાનામૃત'ના પ્રારંભમાં ઉદ્યોગપતિ પરિવારનાં બ્ર.કુ. ગુલાબબેન હઠીસીંગ (માતા) પ્રકાશકપદે હતાં. તેમના અવસાન પછી પરીખ ટ્રાન્સપોર્ટ કંપનીના માલિક રાજયોગી હસમુખભાઈ પરીખે પ્રકાશકનું પદ સંભાળ્યું.

તેમણે પોતાના મકાનમાં નીચેનો રૂમ આપ્યો. તેમાંજ રહીને રાજયોગિની સરલાદીદી ઝોન ઈન્ચાર્જ તરીકે સેવા આપતાં હતાં. ત્યારે 'જ્ઞાનામૃત'નું કાર્યાલય પણ અહીં હતું. રાજયોગી હસમુખભાઈના અવસાન પછી તેમનાં પત્ની બ્ર.કુ. મંજુલાબેન પરીખે આ પદ સંભાળ્યું. તેમના અવસાન પછી બ્ર.કુ. ઉષાબેન પ્રકાશક બન્યાં. તેમણે ઘણાં વર્ષો સુધી નોંધપાત્ર સેવાઓ આપી.

ગુજરાત ઝોનનાં ડાયરેક્ટર રાજયોગિની સરલાદીદીએ આ પદ સંભાળ્યું. તેઓ તંત્રીને સતત પ્રેરણા આપતાં હતા. તે વખતે 'જ્ઞાનામૃત'નો ખૂબ વિકાસ થયો. તેમના અવ્યક્ત થયા બાદ રાજકોટનાં રાજયોગિની બ્ર.કુ. ભારતીબેન પ્રકાશક બન્યાં તેમના નેતૃત્વમાં 'જ્ઞાનામૃત'ની સુવર્ણજયંતી ઉજવાઈ રહી છે.

1978ના મે માસથી 'જ્ઞાનામૃત'ના સંપાદક તરીકેની જવાબદારી મને સોપાઈ. 2021ના મે માસમાં તેંતાલીસ વર્ષ પૂરાં થશે. આ નિમિત્તે અંતરના ઉદ્‌ગાર આપની સમક્ષ રજૂ કરું છું.

વિશ્વાસ અને શ્રદ્ધા

આદરણીય સરલાદીદી અને બ્રહ્માવત્સોએ મારામાં સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો. હું આ કામ કરી શકીશ એવી શ્રદ્ધા રાખી. તેઓએ સદા શુભભાવના, શુભકામના રાખી. મને સ્વતંત્ર રીતે કાર્ય કરવા દીધું. તેથી મારામાં વિશેષ સમર્પણ ભાવના પ્રગટી. **બાબાના એક બળ એક ભરોસા ઉપર રહીને કાર્ય કરવાની તક મળી.**

સર્વનો સહયોગ

આ કાર્ય એટલું સરળ નહોતું. પત્રિકા નિયમિત પ્રકાશિત કરવી એ ભગીરથ પુરુષાર્થ માંગી લે તેવું કામ હતું. લેખન, સંપાદન અને મુદ્રણકાર્યનો મને અનુભવ હતો તેથી કાર્ય સરળતાથી ચાલવા લાગ્યું. **સૌનો સહયોગ મળતો રહ્યો.**

સૌથી મહત્ત્વની વાત છે કે આ કાર્ય મીઠા બાબાનું છે. તેથી લેખકો, ગ્રાહકો, ઈશ્વરીય પરિવારના સભ્યો, શુભેચ્છકોનો સુંદર સહયોગ મળતો રહ્યો. 'જ્ઞાનામૃત' માટે મધુવન, વિદેશ તેમજ દેશ અલગ-અલગ સ્થાનોથી મહાનુભાવ લેખકવૃંદોનો સહકાર મળતો રહ્યો. લેખકવૃંદોનો તેને બિરદાવવા અને આભાર માનવા માટે મારી પાસે શબ્દો નથી. તે તો હૃદયમાં સંઘરી રાખવા જેવાં ભાવનાત્મક દૃશ્યો છે.

વિકાસ યાત્રા

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ અનુભવનું ભાથું મળતું ગયું. મેગેઝીનની ગુણવત્તા સુધારવા બાબાની પ્રેરણાથી કાર્યરત રહેવાયું. વિજ્ઞાનની વધતી જતી શોધોનો લાભ મુદ્રણકાર્યને પણ મળ્યો. કંપોઝ, મુદ્રણમાં નવી નવી શોધોને કારણે ક્વોલિટીમાં પરિવર્તન આવવા લાગ્યું. **સમયની સાથે ચાલીને નિમિત્તભાવે પુરુષાર્થ કરવાનું બળ મળ્યું. બાબાની યાદનું બળ મળતું ગયું.**

અપેક્ષા

ગુજરાત સમૃધ્ધ છે. ગુજરાતમાં અનેક સેવાકેન્દ્રો, ગીતા પાઠશાળાઓ છે. ગુજરાતી ભાષા જાણનારા વિશ્વના ખૂણે ખૂણામાં વસે છે. આમ છતાં 'જ્ઞાનામૃત'ને યથાર્થ સહયોગ મળ્યો નથી. આપણી આળસ કે આ સેવા પ્રત્યેની આપણી ઉદાસીનતા પણ આ માટે જવાબદાર હોઈ શકે.

સશક્ત માધ્યમ

'જ્ઞાનામૃત' એ જીવન પરિવર્તન માટે પ્રેરણાદાયી સશક્ત માધ્યમ છે. અખબારો સાંજ પડે પસ્તી થઈ જાય છે. જ્યારે જ્ઞાનની પત્રિકાઓ

સાચવી રાખી. તેનું સતત મનનમંથન, ચિંતન કરતાં, વાંચતાં જીવનને સુંદર રીતે, હકારાત્મક રીતે જીવવાની પ્રેરણા મળે છે. તો સુખી માનવો, સમૃધ્ધ માનવો **આ કાર્ય માટે પોતાનો સમય અને બજેટ ફાળવી તેના પ્રચાર અને પ્રસાર માટે સહયોગી બને એવી આશા અસ્થાને નથી.**

ફલશ્રુતિ

'જ્ઞાનામૃતે' મારા આધ્યાત્મિક જીવનના ઘડતરમાં, વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. દરેક અંક પ્રગટ કરતાં લગભગ ચાર વખત દરેક લેખો મારે વાંચવાના થતા. તેથી આત્મા જ્ઞાનની રીતે સમૃદ્ધ થતો ગયો.

સતત જ્ઞાનના મનન, ચિંતન, મંથનની વ્યસ્તતાને કારણે જે કંઈ હકારાત્મક, કલ્યાણકારી, શ્રેષ્ઠ સંકલ્પોનું ભાથું મળ્યું. તેનાથી તમામ પ્રકારના વ્યર્થથી મુક્તિ થઈ. જીવનમાં બેહદની દૃષ્ટિ વિકસી. અન્ય આત્માઓની વિશેષતાઓ, યોગ્યતાઓને ઓળખવાની અને તેમાંથી પ્રેરણા મેળવવાની તક મળી.

જ્ઞાનની સમૃધ્ધિને કારણે વક્તા બનવાની તક મળી. ભિન્ન ભિન્ન પ્રકારની ઈશ્વરીય સેવાઓ કરવાનું સદ્‌ભાગ્ય મળ્યું. નિર્ણયશક્તિ, પરખશક્તિ જેવી વિવિધ દિવ્ય શક્તિઓનો વિકાસ થયો.

મારે જે કહેવાનું હતું તે સંક્ષિપ્તમાં કહી દીધું છે. મીઠાં મુખ્ય પ્રશાસિકા રાજયોગિની જાનકીદાદી 104 વર્ષે પણ અદ્‌ભુત સેવાઓ કરી રહ્યાં હતાં. જ્યારે મેં તો લૌકિક આયુનાં 77 વર્ષ પૂરાં કર્યાં છે. તેથી **દાદીજીના જીવનમાંથી પ્રેરણા લઈને બાબાની મદદ અને ડ્રામાની નોંધ હશે, ત્યાં સુધી ઈશ્વરીય સેવા કરતો રહીશ.**

આ પ્રસંગે સૌનો હૃદયપૂર્વકનો આભાર માનું છું.

ઈશ્વરીય સેવાની અમૂલ્ય તક

બાબાએ જ્ઞાન, યોગ, ધારણા અને ઈશ્વરીય સેવા એમ ચાર વિષયો બ્રહ્માવત્સોને આપ્યા છે. પ્રારંભના ત્રણ વિષયોનું શ્રીમત મુજબ બ્રહ્માવત્સો પાલન કરે છે પણ ઈશ્વરીય સેવાની તક બધાંને મળતી નથી.

આપણા માટે એ ગૌરવની વાત છે કે જાન્યુઆરી, 1972 થી શરૂ થયેલ 'જ્ઞાનામૃત' એની સુવર્ણજયંતી ઉજવી રહ્યું છે.

આપણા ઘેર અવસર આવ્યો હોય તો આપણે કેટલો ખર્ચ કરીએ છીએ. પાર્ટી, જન્મદિનની ઉજવણી, લગ્ન, પ્રવાસ પર્યટન, મોંઘી ખરીદીમાં પણ ઘણું બધું નાણું ખર્ચીએ છીએ. સેવાકેન્દ્રોના વાર્ષિક ઉત્સવો ઉજવીએ છીએ. કોરોના મહામારીને લીધે આ પ્રવૃત્તિઓ ઉપર કાપ આવ્યો છે. તો તે પૈસા 'જ્ઞાનામૃત'ના ગ્રાહકો બનાવવામાં ખર્ચીએ

આપણે આટલું કરીએ.

1. વર્તમાન ગ્રાહક ઓછામાં ઓછો એક નવો સભ્ય જરૂર બનાવે.

2. આર્થિક દૃષ્ટિએ સંપન્ન હોઈએ તો મિત્રો, સગા-સંબંધી, વી.આઈ.પી., પુસ્તકાલય, હોસ્પિટલ તથા જાહેર સ્થાનોમાં 'જ્ઞાનામૃત' મોકલી ઈશ્વરીય સેવાઓ કરવાનો લહાવો લઈએ.

3. આપણી પાસે બહોળું લેખકવૃંદ છે. લેખકો પણ 'જ્ઞાનામૃત'ની સંખ્યા વૃદ્ધિ માટે પ્રયત્ન કરશે તો તે આનંદની વાત છે.

આ સાથે 'જ્ઞાનામૃત'ની ગ્રાહક સંખ્યા વધારવાની સ્કીમ મૂકવામાં આવી છે. તેનો મોટી સંખ્યામાં લાભ લેશો એવી વિનંતી છે.

॥ ઓમશાંતિ ॥

ગુજરાતી 'જ્ઞાનામૃત'ના
સુવર્ણ જયંતી વર્ષનો રૂડો અવસર આપણા આંગણે

રાજયોગિની બ્ર.કુ. ભારતીદીદી, ડાયરેક્ટર ગુજરાત ઝોન, અમદાવાદ (રાજકોટ)

અવ્યક્તમૂર્ત માતપિતાના અતિ પ્યારા, સદા સ્નેહમૂર્ત, દિલતખ્તનશીન નિમિત્ત સેવાધારી બહેનો,

અમદાવાદ 'સુખશાંતિ ભવન' ગુજરાત ઝોન કાર્યાલય પરથી ભારતીદીદીની તથા 'ગુજરાતી જ્ઞાનામૃત'ના તંત્રી બ્ર.કુ. ડો. કાલિદાસભાઈની ઈશ્વરીય મધુર યાદ.

ગૌરવવંતી ગુજરાતના સૌ બ્રહ્માકુમાર ભાઈ-બહેનો માટે વિશેષ ખુશખબરી કે, ગુજરાતી જ્ઞાનામૃતનું પ્રકાશનનું કાર્ય 1 જાન્યુઆરી, 1972થી શરૂ થયેલ, તે અનુસાર ગુજરાતી જ્ઞાનામૃત વર્ષ - 2021માં તેનાં 50માં મંગલ સુવર્ણજયંતી વર્ષમાં પ્રવેશ કરવા જઈ રહ્યું છે. આપણે સૌ ગુજરાત નિવાસીઓ માટે રૂડો અવસર આંગણે આવ્યો છે. જેને સૌ બ્રાહ્મણ પરિવારના સાથ, સહકાર, સંકલ્પનાઓ દ્વારા સાકારમાં ઉજવીએ.

જ્ઞાનામૃતની 50 વર્ષની અવિરત, સળંગ, સફળ અદ્‌ભુત વિકાસયાત્રામાં દરેક વર્ષોમાં પ્રત્યેક અંકોનું પ્રકાશન નિયમિત થયેલ છે. (ફક્ત કોરોના મહામારીનાં 3 મહિના (એપ્રિલ, મે, જૂન)માં પ્રેસ બંધ રહેવાથી હાર્ડકોપી તે સમયે છપાઈ શકી નહોતી પરંતુ સોફ્ટ કોપી તૈયાર કરી પ્રકાશિત કરવાનું કામ તો ચાલુ જ હતું.) ઈ.સ. 1972-2013 સુધી 42 વર્ષ સુધી જ્ઞાનામૃત દ્વૈમાસિક હતું. જાન્યુઆરી - 2014થી માસિક બન્યું. 1972 થી 1978 સાત વર્ષ બ્ર.કુ. કેશુભાઈએ તંત્રીપદ સંભાળ્યું. 1978થી આદરણીય સરલાદીદીની શુભ પ્રેરણા અને દીર્ઘ દ્રષ્ટિથી દીદીજીએ બ્ર.કુ. ડો. કાલિદાસભાઈને તંત્રીપદનો કારોબાર સોંપ્યો.

ગુજરાતના સર્વ નાનાં-મોટાં સેવાકેન્દ્રોની નિમિત્ત બહેનો, સાથી બહેનો અને ખૂણે-ખૂણે ગામડાઓમાં આવેલી ગીતાપાઠશાળાના ભાઈ-બહેનોનાં અથક પરિશ્રમ, સેવાનો ઉત્સાહ અને ઈશ્વરીય જ્ઞાન સંદેશ જન-જન સુધી પહોંચાડવાની ભાવનાથી પ્રતિ વર્ષ નિરંતર રીતે નવા સભ્યો બનાવી સતત જ્ઞાનામૃતની પ્રગતિ કરાવી છે તે બદલ આપ સૌનો ખૂબ-ખૂબ સહૃદય ધન્યવાદ. આપ સૌનો સાથ સહયોગ અવિરત મળતો જ રહેશે તેવી આશા અને પૂર્ણ વિશ્વાસ છે.

આવો, આપણ સૌ સાથે મળીને બાપદાદાને પ્રત્યક્ષ કરવાના લક્ષ્ય સાથે સુવર્ણજયંતી વર્ષમાં નવીનતા સાથે **જન-જનની સેવા કરવાની પ્રેરણાઓને વિશેષ ધ્યાનમાં રાખતાં, આ વર્ષે વધુમાં વધુ સભ્યો બનાવીએ. જ્ઞાનદાન એ અમૂલ્ય દાન છે, મહાદાન છે તો જ્ઞાન અર્પણ કરવાની સેવા આપણાં ગુજરાતી 'જ્ઞાનામૃત' મુખપત્ર દ્વારા કરીએ એવું ખાસ લક્ષ્ય રાખીએ. ટીચર્સ બહેનો ખાસ ભાઈ-બહેનોમાં આ પ્રસંગે ખૂબ ઉમંગ-ઉત્સાહ ભરી નવા ગ્રાહકો બનાવવાની સેવાના પ્રોજેક્ટને અવશ્ય સફળ બનાવશો તેવી અપેક્ષા છે.**

સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે સમગ્ર વર્ષ દરમિયાન જે સેવાકેન્દ્ર અથવા વ્યક્તિગત રીતે કોઈ પણ ભાઈ-બહેન વધુમાં વધુ (1 જાન્યુઆરી

થી 31 ડિસેમ્બર, 2021 દરમિયાન) નવા સભ્યો બનાવશો તેમના માટે સેવા યોજનાઓ આ વર્ષ માટે રાખવામાં આવેલ છે. આ પ્રોજેક્ટ માટે વિવિધ સેવા યોજનાઓ નીચે પ્રમાણે છે.

1. જે સેવાકેન્દ્ર અથવા વ્યક્તિગત રીતે કોઈ પણ ભાઈ-બહેન 50 કે તેથી વધુ નવા સભ્યો બનાવશે તેમને 3 અંક, 100 કે તેથી વધુ નવા સભ્યો બનાવશે તેમને 6 અંક ફ્રી સેવામાં આપવામાં આવશે.

2. સમગ્ર વર્ષ 2021 દરમિયાન સૌથી વધુમાં વધુ નવા સભ્યો બનાવનાર સેવાકેન્દ્ર અથવા વ્યક્તિને 3 જ્ઞાનામૃત ફ્રી સેવામાં આપવામાં આવશે. તેમને સન્માનિત પણ કરવામાં આવશે અને વધુમાં વધુ સંખ્યા કરનાર સેવાકેન્દ્ર કે વ્યક્તિ પ્રથમ પાંચને વિશેષ સન્માનિત કરી ખાસ સૌગાત-ઈનામ આપવામાં આવશે.

3. સમગ્ર વર્ષ દરમિયાન 6 કે તેથી વધુ નવા આજીવન સભ્યો બનાવનારને 5 અંક ફ્રી સેવામાં મળશે અને તેમને (સભ્ય બનાવનારને) પણ સન્માનિત કરવામાં આવશે.

સર્વ નાના-મોટા સેવાકેન્દ્રોનાં સેવાઓનાં ફોટા કે ઓનલાઈન કાર્યક્રમોના ફોટા તમે જ્ઞાનામૃતના ઈ-મેઈલ પર જરૂર (પ્રિન્ટીંગ ક્વોલિટીને ધ્યાનમાં રાખી હાઈ રીઝોલ્યુશનમાં) મોકલી આપશો.

જ્ઞાનામૃતનો બેંક એકાઉન્ટ નંબર બદલાયેલ છે, જેની વિગતો ત્રીજા પાના ઉપર છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 29નું અનુસંધાન)... ગોડલીવુડ સ્ટુડીયો

ગુજરાતી કહેવતમાં પણ કહ્યું છે કે, આંગળી ચીંધ્યાનું પણ પુણ્ય મળે. તો આ નવીન સેવાઓ દ્વારા બી.કે. તથા નોન બી.કે. પરિવારોમાં દૂર-દૂર સુધી દેશ અને દુનિયામાં વધુમાં વધુ લોકો સુધી બાબાનો સંદેશ પહોંચાડવાનું સશક્ત માધ્યમ 'ગુજરાતી ગોડલીવુડ'ની ચેનલ દ્વારા થાય તે માટે આપ સૌ અન્ય સેકડોંને આ QR Code અને ચેનલની લીંક અવશ્ય મોકલી આ સેવાઓમાં સાથ, સહકાર આપશો તેવી અપેક્ષા અને શુભકામના છે.

॥ ઓમશાંતિ ॥

- **મનની એકાગ્રતા જ એકરસ સ્થિતિનો અનુભવ કરાવશે. એકાગ્રતાની શક્તિ દ્વારા અવ્યક્ત ફરિશ્તા સ્થિતિનો અનુભવ કરી શકશો. એકાગ્રતાની શક્તિ, માલિકપણાની શક્તિ સહજ નિર્વિઘ્ન બનાવી દેશે. એકાગ્રતા અર્થાત્ મનને જ્યાં ઈચ્છો, જે રીતે ઈચ્છો, જેટલો સમય માટે ઈચ્છો એટલો સમય એકાગ્ર કરી લો. મન વશમાં હોય. સાકારરૂપમાં ફરિશ્તા સ્થિતિનો અનુભવ કરવા માટે મનની એકાગ્રતા ઉપર ધ્યાન આપો. ઓર્ડરથી મનને ચલાવો.**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં જાન્યુઆરી–૨૦૨૧ માસની શબ્દાવલી ભાગ–૩ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ–૪ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં માર્ચ–૨૦૨૧ના અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ–૪ના જવાબો મળશે.

સંગમયુગની શબ્દાવલી ભાગ-૪

1		2	■	3		■	4	5	
■	■	6			■	7			■
8			■	■	9			■	10
	■	11			■		■	12	
■	13		■	■	14		15		■
16			■	17		■	18		■
19		■	20	■	21	22		■	23
	■	24		25	■		■	26	
27			■		■		■	■	
■	■		■		■	■	28		

શબ્દાવલી ભાગ-૩ના જવાબોવાળું કોષ્ટક

૧ વિ	ક્ર	૨ મ	રા	૩ જા	■	■	૪ ગ	■	૫ બા
શ્વ	■	તિ	■	૬ જ	ન	૭ ગ	ણ	૮ મ	ન
શાં	■	■	■	મ	■	૯ પ	તં	ગ	■
૧૦ તિ	૧૧ રં	૧૨ ગો	■	■	■	■	ત્ર	■	૧૩ દે
■	૧૪ જ	વા	૧૫ ન	■	■	૧૬ આ	દિ	દે	વ
૧૭ ખિ	■	■	૧૮ જ	ય	■	૧૯ ના	વ	■	લો
૨૦ ચ	૨૧ ક્ર	■	ર	■	૨૨ પ્ર	જા	સ	૨૩ તા	ક
૨૪ ડો	મ	■	■	૨૫ ખ	જા	ના	■	રા	■
■	■	૨૬ ખી	૨૭ ચી	■	પિ	■	૨૮ ક	પૂ	૨૯ ર
■	૩૦ ફિ	ર	કી	■	તા	■	૩૧ પ	ર	બ

આડી ચાવીઓઃ–

૧. બુધ્ધિજીવી પ્રાણી (૩)
૩. સરખું, બરાબર (૨)
૪. મરે નહી તેવું (૩)
૬. સતયુગનો એક વિષય (૩)
૭. ..... મારો જન્મસિધ્ધ અધિકાર છે. (૩)
૮. ભગવાનની અવતરણ ભૂમિ (૩)
૯. વિનાશી, નાશવંત (૩)
૧૧. શેરે ..... દાદી ચંદ્રમણિ (૩)
૧૨. ..... એન્ડ ચેઈન્જ (૨)
૧૩. ..... વન – ટીચ વન (૨)
૧૪. કર્મ બંધનમુક્ત અવસ્થા (૪)
૧૬. રાષ્ટ્રધ્વજને અપાતું સન્માન (૩)
૧૭. ઓઢવાનું ગરમ વસ્ત્ર (૨)
૧૮. ભાગ્ય, નસીબ (૨)
૧૯. મક્કાની પવિત્ર યાત્રા (૨)
૨૧. કોઈની કમજોરીની ..... ન ઉડાવવી (૩)
૨૪. રાષ્ટ્રધ્વજનો એક રંગ (૩)
૨૬. ..... રહા શિવ કા સંદેશ (૨)
૨૭. વિઘ્નવિનાશક દેવ (૩)
૨૮. શ્રીરામની અનન્ય ભકિતન (૩)

ઊભી ચાવીઓઃ–

૨. સરસ્વતીજીની જન્મ જયંતી (૬)
૩. ..... ચિત, આનંદ સ્વરૂપ (૨)
૪. જર્જરીત ન થાય તેવું (૩)
૫. મગ્ન, તલ્લીન (૨)
૭. બ્રહ્માજીનું એક નામ (૪)
૮. લલાટ, કપાળ (૨)
૧૦. ચાન્સ, અવસર (૨)
૧૨. મહારાણા પ્રતાપના અશ્વનું નામ (૩)
૧૩. સારવાર, ઉપાય (૩)
૧૪. .....ની તાકાત તલવારથી વધારે છે (૩)
૧૫. તાજ, તખ્ત અને .....(૩)
૧૬. સર્વના .....થી સુખમય સંસાર (૪)
૨૦. કોવિડ–૧૯નો ઘરગથ્થુ ઈલાજ (૨)
૨૨. પૂર્વ મુખ્ય પ્રશાસિકા દાદી ..... (૩)
૨૩. સતયુગમાં ડબલ ..... બનીશું (૪)
૨૪. શ્રી કૃષ્ણનું એક નામ (૩)
૨૫. રૂઢિ, પરંપરા (૩)

Gyan Amrit Vol.14 | Issue 2 | February 2021 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Pubished on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2020-2022 vaild up to 31st December-2022 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/HQ/109/2020-2022 valid up to 31st December-2022, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

વડોદરા અલકાપુરી દ્વારા નિર્માણ થનાર રીટ્રીટ સેન્ટરના ભૂમિપૂજન કાર્યક્રમમાં મંચ ઉપર ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ. સરલાબેન તથા ભૂમિપૂજન કરતાં રાજયોગિની ભારતીદીદી તથા બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન અને બ્રહ્માકુમાર બહેનો-ભાઈઓ.

ભરૂચ ઝાડેશ્વર સેવાકેન્દ્ર દ્વારા 'રાષ્ટ્રીય કિસાન દિવસે' 'મહિલા કિસાન સશક્તિકરણ' વિષય પર આયોજીત કાર્યક્રમમાં ભરૂચ જીલ્લા ભાજપ પ્રમુખ ભ્રાતા મારૂતિસિંહ અટોદરિયા, નર્મદા જીલ્લા ભાજપ પ્રમુખ ભ્રાતા ઘનશ્યામભાઈ પટેલ, બ્ર.કુ. પ્રભાબેન, નાબાર્ડ બેંકના અધિકારીશ્રી બી.કે. રાજેશભાઈ અને સભામાં ઉપસ્થિત કિસાન ભાઈઓ-બહેનો તથા ભાજપના કાર્યકર્તાઓ.

બાજીપુરામાં 'રાષ્ટ્રીય કિસાન દિવસે' 'કિસાનોના સન્માન'ના કાર્યક્રમમાં જૈવિક ખેડૂત ભ્રાતા જીનેશભાઈ, એગ્રીકલચર શિક્ષિકા ભગિની સુનિતાબેન ચૌધરી, મહી સુગર ફેક્ટરીના ચેરમેન ભ્રાતા સમીરભાઈ ભક્ત, AMPC વલોદના ચેરમેન ભ્રાતા શાંતિલાલ પટેલ, ભ્રાતા અલ્પેશભાઈ, ડૉ. રક્ષાબેન, બ્ર.કુ. વિનુભાઈ, બ્ર.કુ. પ્રીતિબેન.

વ્યારા પાસે કાનપુરા ખાતે 'રાષ્ટ્રીય કિસાન દિવસે' કૃષિ બિયારણ કંપનીમાં આયોજીત કાર્યક્રમ બાદ રીજીઓનલ મેનેજર ભ્રાતા ધીરેન્દ્રભાઈને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. અરુણાબેન.

If Undelivered Please Return To :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com